
સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૪૦ સંવત ૨૦૭૪ મહા, ફેબ્રુઆરી – ૨૦૧૮ અંક – ૨

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૪૦ / ફેબ્રુઆરી-૨૦૧૮/ અંક-૨

## અનુક્રમણિકા


**૪** કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી

**૭** વેદનો વિચાર - દેવયજ્ઞ કર્તવ્ય કર્મ છે.
રેખાબેન આર. મયાણી

**૧૧** ૐ ઉચ્ચારણથી રોગોમાં થતાં ફાયદા
સુધા એસ. પંચાલ

**૧૨** જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
રમીલાબેન ગાબાણી

**૧૩** માણસાઈની પગદંડી
લવજીભાઈ કે સવાણી

**૧૪** દિવ્ય ઉપદેશ
ભગવાનદાસ

**૧૭** પાનથેરાપી સંકલન

**૧૮** કિર્તન
જયાબેન માંગુકિયા
કમળાબેન વાઘાણી

**૧૯** પ. પૂ. શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૩ મો નિર્વાણ દીન મહોત્સવ પત્રિકા

**૨૦** પ. પૂ. શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૧ મો નિર્વાણ દીન મહોત્સવ પત્રિકા

**૨૧** સત્સંગ સમાચાર
સંકલિત

**૨૨** સત્સંગ સમાચાર
સંકલિત


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૯ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગતાંકથી ચાલુ)

એમ અવિદ્યાના આવરણને લઈને અજ્ઞાની જીવો બહાર પરમાત્માને સમજીને ભટકયા કરે છે એટલા માટે અહીં બતાવ્યું કે પરમાત્મા પૂર્ણ છે વ્યાપક છે સર્વત્ર છે. પૂર્ણ છે સર્વની અંદર છે. એવું દ્રઢ કરીને એનો આનંદ લેવો એની અંદર મસ્ત થઈ જવું.

**'यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ।।८।।'**

જન્મ ધારણ કરે એનું નામ જન્તું. જેટલા જન્મેલા છે એ જીવો એ આ પરમાત્માના સ્વરૂપને સમજી જાય છે. તો **'मुच्यते'** બંધનોથી મુક્ત થઈ જાય છે. તો ત્રણ બંધનો યાદ રાખો કાળ બંધન, કર્મ બંધન અને વાસનાના બંધન. કેટલા બંધનો ? બોલો ? કર્મનું બંધન, કાળ બંધન અને વાસનાનું બંધન. એટલે જીવો શું કહે કે અમારો કાળ એવો છે શું કરીએ કળી કાળ છે તો બધું બ્રહ્મ છે કે કળી કાળ છે ? કાળય શેમાંથી થયો ? બ્રહ્મમાંથી થયો એટલે એ બ્રહ્મરૂપ હોય.

**બ્રહ્મ થકી જે જગત થયું તે,**
**બ્રહ્મ સ્વરૂપે દેખે જોને,**
**કનક થકી કટ-કુંડળ થયા તે,**
**કનક રૂપ કરી લેખે જોને.** (પ્રીતમદાસ)

તો કાળ પણ પરમાત્માની અંદરથી જ આવેલો છે. પરમાત્માને લઈને જ બધી કલ્પના થઈ છે એટલા માટે કાળ પણ પરમાત્માથી નીચે છે જો તમે પરમાત્માને ઓળખીને 'હું પરમાત્મા છું સર્વ પરમાત્મા સ્વરૂપ છે' એવી સ્થિતિમાં પહોંચો તો પછી કાળનું બંધન રહેતું નથી કે ભય કળયુગ છે. એટલે ભજન થતું નથી. કળયુગ છે એટલે ભગવાન ઓળખાતા નથી. કળયુગ છે એટલે આ નથી થતું. એ બધુ કળયુગ કાળ-બાળ કોઈ નડતા નથી. કાળના બંધનમાંથી છૂટવું હોય તો કોઈ કાળમાં પરમાત્મા બંધાતા નથી. ત્રણ કાળમાં પરમાત્મા તો છે છે ને છે. એટલા માટે એને નથી લાવવાના નથી કોઈ કાળ નડતો. નથી કોઈ નડતું. પ્રથમ કાળ બંધનમાંથી મુક્ત થવું, પછી કર્મ બંધનમાંથી મુક્ત થવું. ઘણાં લોકો એમ કહે કે અમારા કર્મમાં નથી. એટલે અમે એને સમજી શકતા નથી. પણ તમારા કર્મ થયા પેલાનું એ તમારું તત્ત્વ છે છે ને છે. કર્મ તો પછી થયા તમે તો પેલાથી છો છો ને છો. એટલા માટે કર્મનો કર્તાપણાનો અહંકાર છે એ કાઢી નાખવો જોઈએ.

**હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે,**
(નરસિંહ મહેતા)

**પ્રકૃતેઃ ક્રિયમાણાનિ, ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।**
**અહંકારવિમૂઢાત્મા, કર્તાહમિતિ મન્યતે ।।**
(ગીતા-૩-૨૭)

જે મૂઢ જીવો છે એ પોતાને કર્તા માનીને કર્મના બંધનમાં પડે છે. જયારે પરમાત્મા અમર છે. અસંગ છે નિર્લેપ છે. એ જ મારું સ્વરૂપ છે. એ અખંડ સ્વરૂપ છે. એમાં નથી કોઈ કાળ કે નથી કોઈ કર્મ. તો કર્તાપણાનું અભિમાનને લઈ જીવ કર્મના બંધનમાં બધાય છે. એટલા માટે હું અસંગ, અકર્તા શુદ્ધાત્મા છું મુક્તાત્મા, બ્રહ્મ આત્મા છું એવો દ્રઢ વિચાર કરીને કર્મ બંધનથી છૂટી જવું.

**ગુરુ પ્રગટ કરુણાગાર,ભક્તોને બ્રહ્મ વિદ્યા આપી,**
**કોટિ જન્મના કર્મ, તે નાખ્યા કાપી.**

જો આ ઉપનિષદોનું બ્રહ્મજ્ઞાન દ્રઢ થઈ જાય કે હું પૂર્ણ બહ્મ છું અકર્તા બ્રહ્મ છું વ્યાપક બ્રહ્મ છે. અસંગ નિર્લેપ બ્રહ્મ છું. એવું દ્રઢ જ્ઞાન થઈ જાય તો પછી મારા કર્મ નડે છે. મારા ભાગ્યમાં નથી ને મારું આમ નથી એ બધુ બોલવાનું બંધ થઈ જાય. એટલા માટે ભાગ્ય ને અભાગ્ય એ બધુ કલ્પીત થયેલું છે. સત્યમાં સ્થિર થઈ જાવ તો કલ્પિત એની મેળાય ઊડી જાય. કેમ કે સાચો હાથી મળી જાય તો ખોટો હાથી લેવાનો... (છૂટી જાય). સાચા રૂપીયાવાળો મળી જાય તો ખોટાની પાસે ન જવું પડે. એમ **'ब्रह्म सत्यं जगत मिथ्या जीवो ब्रह्मैव ना परः।'** એ બ્રહ્મ દ્રષ્ટિ દ્રઢ કરી લો તો બીજી દ્રષ્ટિ એની મેળાય ઊડીને આઘી ભાગી જાય. પણ જયાં સુધી બ્રહ્મ દ્રષ્ટિ જીવો લાવતા નથી ત્યાં સુધી કર્મની દ્રષ્ટિ જીવને આડી આવ આવ કરે છે. કેમ કે **'કર્માનુ બન્ધીનિ મનુષ્યલોકે.'** (ગીતા-૧૫-૨) જીવો કર્મથી બંધાણા છે મૂળ જે હતું એ છૂટી ગયું જે કાલે ઉપનિષદ્ હતુને **'ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વસ્થં પ્રાહુરવ્યયમ્'** (ગીતા-૧૫-૧) ધ્યાનથી યાદ કરો આ બધા દ્રવ્યોનું તમામ જીવોનું મૂળ શું છે ! તો બધાએ સાંભળ્યુંને કે બધાનું મૂળ પરમાત્મા છે કે **'ઊર્ધ્વમૂલ'** આખા જગતનું મૂળ પરમાત્મા છે તો પરમાત્માથી બનેલો પરમાત્મા હોય કે પ્રારબ્ધવાળો કર્મવાળો હોય ? પરમાત્માવાળો હોય કે કર્મ વાળો હોય ? બોલો ? તો પરમાત્માવાળો ભૂલ્યો ને પછી 'હું' થઈ ગયો કે હું આ ભાગ્યશાળી છું ને અભાગ્યશાળી છું આવો છું ને સારો છું ને મોળો છું એ બની ગયો. હું શુધ્ધ છું નિર્લેપ છું અકર્તા છું અભોક્તા છું એ બ્રહ્મભાવ છૂટી ગયો અને જગતનો ભાવ બધો જીવને વળગી ગયો. **'જગતને વળગ્યું ભ્રાંતિ રૂપી ભૂતડું'** એનું કારણ શું થયું કે જીવ પોતાના મૂળ તત્ત્વને ભૂલી જાય છે. વડલાને જેમ ડાળ માને ઝાડે મૂળ લાગે ને પછી વડલાનું મૂળ. મૂળ કયાં છે એ બધું ભૂલાય જાય ને ડાળે મૂળ એ જ એના મૂળ થઈ જાય. એમ આ લાગેને એ જ એના મૂળ થઈ જાય. એમ આ જીવને મૂળ જે તત્ત્વ બ્રહ્મ પરમાત્મા મારું સ્વરૂપ છે હું પરમાત્માનો છું એ ભૂલાય ગયું અને પછી હું વ્યાપારી છું ને ખેડૂત છું ને આ ગામનો છું ને આ કર્મ કરવાવાળો હું પૂણ્યશાળી છું ને પાપી છું ભાગ્યશાળી ને અભાગ્યશાળી છું એમ કર્મની હારે જીવ જકડાઈ ગયો ને પોતાના અસલી સ્વરૂપને મૂળ સ્વરૂપને ભૂલી ગયો. તો આત્મા-પરમાત્માને કોઈ કર્મ કોઈ દિ' થયા નથી ને આગળ થશે નહિ. હંમેશા કાળ, કર્મ, વાસનાથી રહિત (આત્માનું-મારું) શુદ્ધ સ્વરૂપ છે. એવું જે દ્રઢ જ્ઞાન પ્રાપ્ત કરે છે એ બધા બંધનોથી છૂટી જાય છે રોજ અભ્યાસ કરવો કે આત્મા અકર્તા છે અસંગ છે તો હું અકર્તા અસંગ આત્મા છું એટલા માટે મારું કોઈ કર્મ થયું નથી ને અત્યારે થતું નથી ને આગળ થશે નહિ. કર્મ બંધનથી પણ હું મુક્ત છું એવો અભ્યાસ કરવો અને ત્રીજી કંઈ ! કે વાસના બંધન ઘણા કહે કે અમારી આ ઈચ્છા પૂરી થઈ જાયને પછી એવું કરીશું. એટલે લોકો વાસનાથી ઈચ્છાઓથી શું થયેલા હોય છે ? બોલો ? બંધાયેલા. કોઈને પુત્રની વાસના કોઈને ધનની વાસના ને કોઈને લોકેષ્ણા કોઈને વિત્તેષ્ણા, પુત્રેષ્ણા અનેક વાસનાઓથી વીંટાયેલા જીવો, શું કરીએ અમારે આમ ઈચ્છા છે ને આ ઈચ્છા પૂરી થાય એટલે પછી બધુ કરશું હમણે એ થતું નથી. તો આ વાસનાઓથી વિંટળાયેલા પ્રાણીઓ હોય છે.

**वासना एव संसार इति सर्वा विमुच्यतां ।**
**तत्यागो वासनात्यागः हृदि स्थिति ह्यनातथा ।**
(યોગવાશિષ્ટરામાયણ)

યોગ વશિષ્ટ મહારામાયણમાં વશિષ્ઠજીએ કહ્યું, **'વાસના એવ સંસાર'** આ જીવને જે કઈ નડે છે ને એ વાસના નડી રહી છે જે છે એને નથી સમજતો નથી એની વાસના ઊભી કરી કરીને જીવ એમાં કલ્પના ઊભી કર્યા કરે. 'અણછતો આરોપને વખાણે' નથી એને માને છે ને પછી એના વખાણ કરે ને એમાં ને એમાં જીવ ફસાયેલો રહે. (જે) છે છે ને છે. પરમાત્મા પેલાય હતા અત્યારેય છે ને પછી પણ રહેશે. એ શુદ્ધ છે. નિર્લેય છે. અસંગ છે ને અકર્તા છે. દિવ્યાત્મા છે. એ ભાવ જીવે છોડી દીધો અને બીજા બધામાં ચોટી ગયો. મારે આમ જોઈએ ને મારે આ જોઈએ. મારે આ જોઈએ. મારું આ કર્તવ્ય છે. મારું કર્તવ્ય મારે પૂરું કરવું જોઈએ ને નો કરું તો મારે આમ થાય ને આ કરું તો આ થાય. એમ મને થાય ન થાય હું કરું ને હું આ ભોગવું છું ને કર્તાપણું ને ભોક્તાપણું જીવને અંદર અનાદિ કાળથી ભ્રાંતિથી આવેલું છે. એ ઉપનિષદ્ શ્રવણ કરીને દ્રઢ કરવું કે હું તો બધાથી પરે છું. મનથી, બુદ્ધિથી, ઈન્દ્રિયથી બધાથી પરે મારું શુદ્ધ સ્વરૂપ છે.

**મનો બુધ્ધ્યહંકાર ચિત્તાની નાહં,**
**ન ચ શ્રોત્ર જિવ્હે ન ચ ઘ્રાણનેત્રે**
**ન ચ વ્યોમ ભૂમિ ર્ન તેજો ન વાયુ,**
**ચિદાનંદરૂપઃ શિવોऽહં શિવોऽહમ્.** (આત્મષટ્ક)

તો **'વાસના એવ સંસાર'** જો સંસારથી વાસના ઈચ્છા રાખો તો સંસાર છે ને (એમાં) બ્રહ્મ દ્રષ્ટિ કરો તો બધુ બ્રહ્મરૂપ છે, તો બ્રહ્મરૂપ છે. એમાં વધવું-ઘટવું, આવવું-જવું.

**નાસતો-વિદ્યતે ભાવો, નાભાવો વિદ્યતે સતઃ,**
**ઉભયોરપિ દ્રષ્ટોऽન્ત-સ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ**

(ગીતા-૨,૧૬)

જગતમાં બે જ પદાર્થો મુખ્ય છે. એક સત્ અને બીજું અસત્. તો અસત્ કોઈ દિ' સત્ થતું નથી. ને સત્ કોઈ દિ' અસત્ થતું નથી. તો શેની ઈચ્છા કરો છો? નક્કી કરો. બોલો ? જો અસત્‌ને સત્ કરવાની ઈચ્છા કરો છો તો એ કોઈ દિ' થયું નથી ને થશે નહિ અને સત્‌ને અસત્ કરવાની ઈચ્છા કરશો તો એ પણ કોઈ દિ' થયું નથી ને... તો જીવ કેવળ ખોટા ઘોડા ઘડે આ કરું આ કરું પણ એ બધું કરેલુ કેવળ નામ-રૂપ બદલાય છે. બીજું કાંઈ થતું નથી. એટલે અનાદી કાળથી અજ્ઞાનતાને લઈને જીવો અનેક વાસનાઓથી વીંટાતા રહે છે.

**'શેખસલ્લીને ઘીને ગાડવે, વિચારો બહુ થાય છે,**
**ગાડવો ગબડી પડતા, મનની મનમાં રહી જાય છે,**
**ઊંઘાડો આંખો આયુષ વહી જાય છે.'**

તો અનાદિ વાસનાથી વિંટાયેલા પ્રાણીઓ કહે છે અમારી આ ઈચ્છા નથી ને અમારી આ ઈચ્છા પૂરી થતી નથી. અમારે આમ બધુ કરવું હતું અમારે આમ નથી કરવું. એમ કરવું ને અકરવું, ઈચ્છા-અનિચ્છામાં જીવો અનાદિકાળથી બંધાયેલા રહે છે. જે સર્વ ઈચ્છાથી રહિત શુધ્ધ સ્વરૂપ છે. એ જ સ્વરૂપમાં પોતાની સ્થિતિ કરવી જોઈએ. એ ઉપનિષદો બતાવે છે કે **'पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः।'** (કઠ.-૧-૩-૧૧) અને **'यं ज्ञात्वा'** એ તત્ત્વને જાણો તો **'अमृतत्वं च गच्छति'** તો ધ્યાનથી યાદ રાખો કે તમે અમર છો કે મરવાવાળા છો ? પૂર્ણ પરમાત્મા છો કે જીવ છો ? જો પૂર્ણતાની પ્રાપ્તિ થઈ જાય તો આવા-ગમન મટી જાય અમરતાની અનુભૂતિ થાય તો મરવાનું મટી જાય. તો ત્રણ વાત યાદ કરવાની બતાવી. યાદ રહ્યુંને ? સત્, ચિત અને આનંદ. હું અમર આત્મા છું એનો અર્થ હું સત્ આત્મા છું હું સત્ આત્મા છું એવી અનુભૂતિ કરવાથી મરણનો ભય વયો જાય. રોજ એ અભ્યાસ કરવો જોઈએ કે હું અમર આત્મા છું.

**'જેને હોય ગુરુ વચને વિશ્વાસ,**
**અભય પદ ગુરુ આપશે.'** (મનોહરદાસજી)

**''આનંદ કો ઘર પાયો,**
**અબ મોહી આનંદ કો ઘર પાયો,**
**જબ કૃપા ભઈ સત્ય ગુરુ કી,**
**નિરભે નિશાન બજાયો, અબ મોહી...''**

(શ્રી કબીર સાહેબ)

તો હું સત્ય સ્વરૂપ છું એ અમરતા માટે નિર્ભય થવા માટે યાદ રાખો. બીજું પદ છે ચૈતન્ય. હું ચૈતન્ય આત્મા છું એ મુક્ત માટે છે. **'મોક્ષ મુલં ગુરો કૃપા.'** સાંભળ્યું છે ને ? બોલો ? **'મોક્ષ મુલં ગુરો કૃપા.'** તો આ શબ્દ યાદ રાખો. કૃપાનો શબ્દ છે. **'આત્મા ચૈતન્ય છે.'** તમે બધા શું છો ? બોલો ? ... તો ચૈતન્ય છો એનો મતલબ છે મુક્ત છો. ચેતન છે એનો અર્થ શું છે ? બોલો ? ... જડ વસ્તુ બંધાયેલી હોય છે ચૈતન્ય બંધાતું નથી, કોણ બંધાય ? બોલો ? ... (જડ) ચૈતન્ય કોઈ દિ' નો બંધાય. ચૈતન્ય સદા મુક્ત છે. કોના આત્માને તમે પકડયો ? બોલો ? ... કોઈ બાપ મરતો હોય તો એને પકડીને રાખી શકો છો ? ... કોઈ રાજા મરતો હોય, કોઈ ભાગ્યશાળી મરતો હોય એને કોઈ પકડીને રાખી શકતું નથી. અથવા એને કોઈ પકડીને જેલમાં પૂરી શકતું નથી. શરીર ભલે ખોળીયું પકડાય જાય પણ આત્મા કોઈનો પકડાયને રહેતો નથી. એટલા માટે આત્મા સદાય મુક્ત છે.

**અહં નિર્વિકલ્પો નિરાકાર રૂપો,**
**વિભુર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણિ,**
**સદા મે સમત્વં ન મુક્તિ ર્ન બન્ધ,**
**ચિદાનન્દરૂપઃ શિવોऽહં શિવોऽહંમ્,** (આત્મષટક)

હું ચૈતન્ય આત્મા છું એટલે હું મુક્તાત્મા છું એ વાર વાર દ્રઢ કરવું કે ગુરુ કૃપાથી હું મુક્ત છું અસંગ છું નિર્લેપ છું મને પુણ્ય નથી ને પાપય નથી. જન્મ નથી ને મરણ ય નથી. ગઢપણ નથી ને રોગય નથી. કોઈ દુઃખ નથી. કયું દુઃખ છે ? બોલો ? એટલા માટે આત્મા સર્વ વિકારોથી રહિત ચૈતન્ય મુકત આત્મા છે અને ત્રીજું ખાસ યાદ રાખો કે આત્મા આનંદ સ્વરૂપ છે. કેવો સ્વરૂપ છે ? બોલો ? **'आनन्दं ब्रह्मणो विद्वान्न जिलेति कुतश्चन।'** (તૈત્તિરીયોપનિષદ્-૨,૪) જો આત્મા વ્યાપક પૂર્ણને આનંદ સ્વરૂપ છે. જો પૂર્ણ આનંદ સ્વરૂપ છે તો પછી ભય શેનો ? જો આમાં દુઃખ આવતું હોય તો એને ભય લાગે પણ આમા તો પૂર્ણ આનંદ આનંદ ને આનંદ જ છે કેમ કે આનંદથી બનેલામાં આનંદ હોય. અને આનંદ ઘન છે જેની અંદર કોઈ પણ બીજી વસ્તુ પ્રવેશ કરી શકતી નથી જેના લેશ આનંદથી આખું વિશ્વ આનંદિત થાય છે. એવું બધાનું સાચું સ્વરૂપ છે.

**યદાનંદ લેશે સમાનંદ વિશ્વમ્,**
**યદાભાતિ સત્વ તદા ભાતિ સર્વમ્ ।**
**યદા લોચિતે હેયમન્ય સમત્વં**
**પરં બ્રહ્મ નિત્યં તદેવાહમસ્મિ ॥**

(શ્રી શંકરાચાર્ય સ્તોત્રમ્)

જે પરમાત્માના લેશ આનંદથી આખું વિશ્વ આનંદિત થાય છે. જે સત્થી બધુ સત્ થાય છે જેનો વિચાર કરવાથી જગત **'હેય'** થઈ જાય છે. કંઈ રહેતું જ નથી. આનંદ આનંદ ને આનંદ થઈ જાય છે. એ ત્રણ વાત યાદ રાખો. યાદ રહ્યું ? બોલો ? સત્, ચિત્ અને આનંદ. એટલે

**પ્યારું સત્ ચિત આનંદ રૂપ કોઈ કોઈ જાણે રે(૨),**
**જે જાણે વિરલા જન મહારસ માણે રે.**

તો ત્રણને ફરીને યાદ કરો તમે અમર છો એટલે મરવાનો ભય નહિ ને અમર થવાની આશા નહિ. ભય અને આશા બેથી મુક્ત થતા જાવ. શેનાથી ? બોલો ? ભય અને આશા. તમે અમર છો એટલે તમારે મરવાનો ભય રાખવો નહિ ને અમર થવાની આશા રાખવાની જરૂર નથી. તમે સ્વયં અમર છો. પછી તમે ચૈતન્ય છો એટલે તમારે બંધનનો ભય ન રાખવો અને હું મુક્ત થાશ એવી આશા પણ ન રાખવી. હું સદાય મુક્ત છું છું ને છું એટલા માટે મોક્ષની પણ આશા રાખવી નહિ. હું સદાય મુક્ત છું. ત્રીજું તમે આનંદ સ્વરૂપ છો એટલે તમારે દુઃખનો ભય ન રાખવો ને આનંદની આશા રાખવી નહિ. કે હવે મને આજ આનંદ (મળશે) કાલ મળશે. પછી મળશે એવી ભ્રાંતિમાં રહેવું નહિ. હંમેશા મારી અંદર આનંદ છે છે ને છે મને દુઃખ આવશે એ ચિંતામાં રહેવું નહિ આત્મા(માં) દુઃખ કોઈ દિ' આવ્યું નથી અત્યારે છે નહિ ને આગળ આવશે નહિ. અજ્ઞાની લોકો કહેને (કે) હું ઘરડો થયો હું બીમાર પડયો (એ) દેહને કહે છે આત્માને કહેતા નથી. એટલે મીરાંબાઈએ કહ્યું કે-

**''મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું**
**એ... જુનું તો થયું રે દેવળ, જુનું તો થયું**
**મારો હંસલો નાનો...''**

તો દેહ દ્રષ્ટિ જયાં સુધી છૂટતી નથી ત્યાં સુધી હું ઘરડો થયો હું બીમાર પડયો મરી ગયો ને ભૂખ્યો થયો ને તરસ્યો થયો આ બધા દુઃખો અને આ બધી વાસનાઓ ઈચ્છાઓ અંદર અટવાયા કરે છે.

■ ■ ■ (બુક નં. ૩ સંપૂર્ણ)

(ક્રમશઃ)

## વેદનો વિચાર - દેવયજ્ઞ કર્તવ્ય કર્મ છે.

રેખાબેન આર. મયાણી
ભાવનગર

પરમ પૂજ્ય સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીના હરિદ્વાર આશ્રમ મુકામે શ્રીમદ્ ભગવદ્ ગીતાના ચતુર્થ અધ્યાયના શ્લોક **૨૫** ઉપર કરેલ કથા સત્સંગ સાર....

પરમાત્માની કૃપાથી આ મનુષ્ય જન્મ મળ્યો છે., દેવોને પણ દુર્લભ એવો આ મનુષ્ય જન્મ બહુ દુર્લભ માનવામાં આવે છે. ને મનુષ્ય જન્મ આપણને એટલા માટે મળે છે કે જેથી કરીને સંસારથી છૂટી શકાય. સંસાર બંધનમાંથી છૂટવાનો એક માત્ર દરવાજો જો હોય તો આ મનુષ્ય શરીર છે. આપણે જોઈ શકીએ છીએ કે સંસારમાં અનેક પ્રકારના જીવો જોવા મળે છે. કીટક, પતંગીયા, કાગડા, કૂતરા વગેરે... એ બધા ખાય શકે છે, પી શકે છે, ફરી શકે છે. પોતાની સંતતિનો વિસ્તાર કરી શકે છે. સૂઈ પણ શકે છે ને ભય પણ લાગે છે. આ બધુ કાર્ય મનુષ્યથી ઈતર બીજા જીવો છે ને એ કરી શકે છે. પણ તે એક કાર્ય મોક્ષ માટે કોઈ સાધન કાર્ય પ્રયત્ન કરી શકતા નથી. કારણ કે મનુષ્ય જન્મ છે એને યોગ ભૂમિ કહેવામાં આવે છે. એનાથી અતિરીક્ત બીજા જેટલા જીવો છે તે તેને ભોગભૂમી કહેવામાં આવે છે. એટલે મનુષ્યથી ઈતર જીવોમાં ભોગ થઈ શકે છે પણ યોગ થઈ શકતો નથી. મનુષ્ય જન્મમાં જ સંસારથી છૂટવા માટેનું મોક્ષનું સાધન થઈ શકે છે. એટલા માટે મનુષ્ય શરીરને બહુ દુર્લભ માનવામાં આવ્યુ છે. ચાહે ત્યારે ચહે એવું (ગમતું) આપણે મેળવી શકતા નથી. ભગવાન આપે છે અને ભગવાન લઈ લે છે. ભગવાને એવી કોઈ દુકાન ખોલી છે? શરીર માટે કે આ સારુ છે આ ગમે છે. આ નથી ગમતું બોલો? સારું કે ગમતુ કે ન ગમતું વગેરે વિકલ્પો આપણી સામે નથી. કારણ કે તે કર્મ અનુસાર મળે છે અને બધાના કર્મ જુદા-જુદા હોય છે. એટલે શરીર પણ

બધાના જુદા-જુદા હોય છે. કોઈનું એક સરખુ શરીર નથી હોતું. અંગૂઠાનું નિશાન પણ એક સરખુ હોતુ નથી. એમાં (શરીરમાં) ભેદનું કારણ છે પ્રાચીન કર્મ. મનુષ્ય દેહ જે મળે છે એમાં ભગવાન છે ને એ સામાન્યકારણ છે અને કર્મ છે તે એ વિશિષ્ઠ કારણ છે. સમાન્ય કારણ પરમાત્મા ચૈતન્ય છે અને વિશિષ્ઠ કારણ કર્મ છે ને એ જડ છે. જડ કર્મ છે ને એ સ્વયં ફળ ન દઈ શકે. ચૈતન્ય નિશ્ચિત કર્મ છે ને એ ફળ દઈ શકે છે. એટલે કર્મફળ પ્રમાણે મનુષ્યને શરીર ભગવાન પ્રદાન કરે છે. અને કર્મ ફળ પ્રમાણે જ મનુષ્ય જીવે છે અને મનુષ્યનું મૃત્યુ થાય છે. એટલે જન્મ ધારણ કરવામાં પણ પરતંત્રતા જીવવામાં પણ પરતંત્રતા અને મરવામાં પણ પરતંત્રતા છે. આ ત્રણેય કાર્ય એવા છે. જન્મ, જીવન અને મૃત્યુ એમાં એ જીવ છે એ પરાધીન છે. એટલે ભગવાને આપણને આ સુંદર અવસર સંસારમાંથી છૂટવા માટે આપ્યો છે તો મનુષ્યએ એના માટે સાધન કરવા જોઈએ. સંસારમાં સુખ પ્રાપ્ત કરવા માટે જેમ મનુષ્ય રાત-દિવસ નોકરી ધંધો વગેરે કરે છે. કારણ કે એ પ્રત્યક્ષ (સીધો) લાભ છે કારણ કે તેને ખબર છે આ લોકમાં નોકરી ધંધો નહિં કરું તો આ લોકનો લાભ નહિં મળે. આ લોકનો લાભ છે. આહારાદિ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ વિષયનો લાભ અને એ લાભ નોકરી ધંધો કરે તો જ મળે છે. ગમે કે ન ગમે તોય, લાભ મેળવવા મારે તે કાર્ય (નોકરી, ધંધો) કરવું પડે. તે બાહ્ય લાભ છે. બાહ્ય લાભ અને લૌકિક લાભ (ભૌતિક સુખ, સગવડ વગેરે) લેવા માટે મનુષ્ય અનેક કાર્ય કરે છે પણ અલૌકિક લાભ દેખાતો નથી એટલે અલૌકિક લાભ લેવા માટે કંઈ કરતો નથી. અલૌકિક લાભ માટેનો પ્રયત્ન દુર્બળ છે. એટલે મોક્ષનો લાભ લઈ શકતો નથી. એટલે એ તરફ પ્રયાસ નહિં થવા માટેનું કારણ આચાર્યો, મહાપુરૂષો, શાસ્ત્રો કહે છે કે જે અંતઃકરણની શુદ્ધિનો અભાવ છે. આ અભાવને કારણે મનુષ્યને કયો લાભ સારો એ ખબર નથી પડતી. કયો લાભ કાયમી છે કયો લાભ થોડા દિવસ પૂરતો છે એ ખબર નથી પડતી એટલે અંર્તલાભ લેતો નથી. જેમ કાચની પેટીમાં પદાર્થો રહેલા હોય તો તે દેખાય છે. પણ લાકડાની પેટીમાં કે પતરાની પેટીમાં રહેલા પદાર્થો દેખાતા નથી. તેમ અંતઃકરણનો લાભ દેખાતો નથી. એવી રીતે આપણું અંતઃકરણ લાકડાની પેટી જેવું (અશુદ્ધ) છે. એટલે અલૌકિક લાભ દેખાતો નથી. અલૌકિક લાભ લેવા માટે મનુષ્ય ત્યારે જ પ્રયત્ન કરે છે કે જ્યારે તેને અલૌકિક લાભ દેખાય અને એ અલૌકિક લાભ લેવા માટે અંતઃકરણ શુદ્ધ હોવું જોઈએ. જેમ કાચની પેટીમાં રાખેલા પદાર્થો દેખાય છે. પણ લાકડાની પેટીમાં રાખેલા પદાર્થો દેખાતા નથી. અંતઃકરણની અશુદ્ધિ એ શું છે? જો સંસાર પ્રત્યે રાગ અને પરમાત્મા પ્રત્યે વૈરાગ્ય તો અંતઃકરણ અશુદ્ધ છે. અને જો પરમાત્મા પ્રત્યે રાગ અને સંસાર પ્રત્યે વૈરાગ્ય તો અંતઃકરણ શુદ્ધ છે. જીવને બ્રહ્મના (પરમાત્માના) લાભ પ્રત્યે વૈરાગ્ય છે. હોવું શું જોઈએ? સંસાર પ્રત્યે વૈરાગ્ય અને બ્રહ્મ પ્રત્યે રાગ હોવો જોઈએ. પણ જીવનું કામ ઊલટું છે. આ જે ઉલટું છે તેને સુલટું કરવા માટે મનુષ્યએ સાધન કરવા જોઈએ.

સાધન એટલે સારા કર્મ કરવા જોઈએ. જો મનુષ્ય સારા કર્મ કરે તો ધીરે ધીરે તેનું અંતઃકરણ શુદ્ધ થતુ જાય. સંસાર પ્રત્યે વૈરાગ્ય થવા લાગે. પરમાત્માનો લાભ છે ને એ દેખાવા લાગે અને પરમાત્માના લાભ પ્રત્યે પ્રવૃત થાય છે.

સારા કર્મો અનેક પ્રકારના છે શાસ્ત્રના કહ્યા પ્રમાણે યજ્ઞ, જપ, તપ, તીર્થ, દેવ આરાધન વગેરે એને સારા કર્મો કહેવામાં આવે છે. સારા એટલે ગમતા હોય એવું નહિં હો !!! ગમે તો ખોટું હોય તેવું પણ એટલે ગમતા હોય તેવા કર્મ નહિં, પરંતુ શ્રૃતિ, પુરાણો, મહાપુરુષોએ જેને સમર્થન કર્યું છે. મનુષ્યને માટે કલ્યાણકારી છે. જે વેદોમાં કહ્યા છે વેદ વિહિત છે. જેનું અનુષ્ઠાન મહાપુરુષોએ કરેલું છે. તે સારા કર્મો છે. અને મનુષ્યએ તેનું જ અનુકરણ કરવું જોઈએ. મનુષ્યએ એવા કર્મો કરવા જોઈએ કે જે નિંદ્ય (નિંદા કરેલા) નથી. તો એવા વેદ વિહિત કર્મો કરે તો અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણને શુદ્ધ કરવા માટે સત્કર્મો છે. હવે સત્કર્મો પણ આપણે કરીએ છીએ. પણ સત્કર્મ બે પ્રકારથી થઈ શકે છે. એક કામનાથી થઈ શકે

છે અને એક નિષ્કામભાવથી થઈ શકે છે. કામનાથી થઈ શકે એટલે ફળની ઈચ્છાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે તેને સકામ કહેવામાં આવે છે અને ભગવાન મારા ઉપર પ્રસન્ન થાય એવા ભાવથી જે કરવામાં આવે તેને નિષ્કામ કહેવામાં આવે છે. સંસારના પદાર્થો હોય પુત્ર, પત્ની, સગા-સંબંધી, પરિવાર, ધન-સંપત્તિ, સુખ-સાહ્યબી જે મળે એના માટે મનુષ્ય જે કરે તેને સકામ કર્મ કહેવામાં આવે છે. બાહ્ય પદાર્થો છે એ કર્મ કરવા માત્રથી મળે છે. મનુષ્ય શરીરથી કોઈ ક્રિયા કરે એટલે બાહ્ય પદાર્થોનો લાભ થાય છે. બાહ્ય પદાર્થો સુખ જ આપે યા દુઃખ આપે એ નક્કી નથી. કારણ કે બાહ્ય-લાભને ક્રિયા કહેવાય છે. એ ક્રિયા કેવી હોવી જોઈએ એનું નિર્દેશન મહાપુરૂષો અને વેદ જે કરે છે એ જો ક્રિયા વેદવિહિત હશે, મહાપુરૂષોએ જેનું સમર્થન કર્યું હોય, એવી હશે તો એ ક્રિયા દ્વારા મેળવેલા પદાર્થથી સુખની પ્રાપ્તિ થશે અને પદાર્થ મેળવવામાં આવતી ક્રિયા જો નિંદ્ય હશે જેને શાસ્ત્રમાં પાપની સંજ્ઞા દેવામાં આવી હશે એવી હશે તો એ પાપ કર્મ રૂપ ક્રિયા દ્વારા મેળવેલા પદાર્થથી દુઃખની પ્રાપ્તિ થાય છે. એટલે મનુષ્ય હંમેશા ભ્રાંતિમાં રહે છે કે હું કરું છું તોય કંઈ મળતું નથી. બાહ્યક્રિયા કરવાથી પદાર્થો તો મળે છે પણ પદાર્થથી સુખ મળવું યા દુઃખ મળવું એ વિહિત યા અવિહિત ક્રિયાનું ફળ છે એટલે મનુષ્યએ હંમેશા વિહિત કર્મ કરવું અને એ પણ નિષ્કામભાવથી કરવું જોઈએ. એટલે નિષ્કામભાવથી કરવામાં આવતા વિહિત કર્મો એ પણ ઘણા પ્રકારના છે. મનુષ્યનું આ જીવન છે એ કર્મકૃત છે. એ કર્મ પ્રધાન હોવાથી ક્ષણ પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી. ભગવાનના કહ્યા પ્રમાણે જો એ કર્મ સત્કર્મો થઈ જાય તો મનુષ્યનો સમય સફળ થઈ જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં અનેક પ્રકારના કર્મો બતાવ્યા છે. એમાં ખાસ કરીને ગીતાના ચતુર્થ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અનેક યજ્ઞાદિ મનુષ્યને કરવા યોગ્ય કર્મો બતાવ્યા છે. મનુષ્યને ચિત્તશુદ્ધિ માટે કરવા યોગ્ય કર્મો બતાવ્યા છે. ગીતાના ચોથા અધ્યાયના **૨૫** માં શ્લોકથી **૩૨** માં શ્લોક સુધી અનેક સત્કર્મ બતાવે છે. આ આઠ શ્લોકમાં અનેક કર્મો બતાવે છે જે કર્મો પ્રત્યેક મનુષ્યો કરી શકે છે અને પોત-પોતાના અધિકાર અનુસાર કરી શકે છે. બધાં જ કર્મો બધાએ કરવાના હોતા નથી. જે મનુષ્ય જે કર્મ કરવાનો અધિકારી છે તે કર્મ મનુષ્યએ કરવા જોઈએ શ્લોક-૨૫, અધ્યાય-૪

**દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।**
**બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥**

ભગવાન શ્રીકૃષ્ણએ સૌ પ્રથમ અર્જુનને કહ્યું કે હે અર્જુન અહીં અનેક પ્રકારના વૈદિક યજ્ઞ કર્મો બતાવે છે. જે મનુષ્ય માટે ચિત્તશુદ્ધિના કારણ છે. સર્વપ્રથમ ૨૫ માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને બે પ્રકારના યજ્ઞકર્મ બતાવે છે અને યજ્ઞ કર્મનો ઉલ્લેખ પરંપરાથી કરે છે. આ એ યજ્ઞ દેવયજ્ઞનો ઉલ્લેખ કરે છે.

**યોગિનઃ દેવમ્ યજ્ઞં પર્યુપાસતે** - જે યોગી એટલે કે કર્મયોગી જે છે તે દેવયજ્ઞની ઉપાસના કરે છે. અહીં યોગી એટલે ગૃહસ્થી (યોગી) છે એને યોગી એટલા માટે કહેવામાં આવે છે કે એ યજ્ઞ છે ને એ યોગ છે, યોગ એટલા માટે કે ભગવાનની સાથે જે જોડી આપે છે તેને યોગ કહેવાય છે. કર્મ છે જે યજ્ઞ કર્મ છે જે ભગવાન સાથે જોડી આપે છે એટલે કર્મને માટે યોગ શબ્દનો અને આવા જે કર્મ કરે એને યોગી કહેવામાં આવે છે. આવા કર્મને યોગ કહે છે. કર્મનું જે અનુષ્ઠાન કર્યા કરે છે તેને યોગી કહેવામાં આવે છે. પ્રત્યેક ગૃહસ્થાશ્રમી માટે યોગી શબ્દનો પ્રયોગ કરી શકાય. કારણ કે યોગાનુષ્ઠાન કરે છે. યોગ એટલે કર્મ. તે કર્માનુષ્ઠાન કરે છે એટલે એ યોગી છે. ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું કે ગૃહસ્થાશ્રમી છે એ યજ્ઞ પ્રધાન આશ્રમ છે. હે અર્જુન આપણે ત્યાં પ્રાચીનકાળથી એ પરંપરા ચાલી આવે છે કે યોગી એટલે જે ગૃહસ્થી છે. એ ચિત્ત શુદ્ધિ માટે દેવયજ્ઞ કરે છે એટલે અર્જુન તું પણ ગૃહસ્થી છે. પરંપરા શું છે? ગૃહસ્થી છે એ દેવયજ્ઞ કરે છે. તું પણ ચિત્તશુદ્ધિ માટે દેવયજ્ઞ કર.

દેવયજ્ઞ કોને કહેવાય? દેવતાઓને ઉદ્દેશીને જે કરવામાં આવતા યજ્ઞને દેવયજ્ઞ કહેવામાં આવે છે. દેવ

એટલે ઈન્દ્રાદિ દેવતા. ઈન્દ્રાદિ દેવતાઓને ઉદ્દેશીને કરવામાં આવતા યજ્ઞને દેવયજ્ઞ કહેવાય છે. ઈન્દ્રાદિઓને દેવ એટલા માટે કહેવામાં આવે છે કે એ આપણને દીધા જ કરે છે. એ દેવ છે. દેવતાઓનો સ્વભાવ છે દેવાનો. દેવતાઓએ આપણને આપ્યું પણ એ આપણી પાસે ટકી ક્યારે રહે છે? તો જો આપણે દેવતાઓએ આપણને આપ્યું અને દેવતાઓને આપણે આપીએ ને એ પરસ્પર જે પરંપરા છે એ નિભાવે છે ને તો તેની પાસે દેવતાઓએ આપેલું ટકે છે. દેવતાઓ તો એવા દયાળુ છે. એ એવું નથી જોતા કે આ વ્યક્તિ મને પાછું આપે તો જ આપું. એ તો નિરપેક્ષ થઈને બધાને આપે છે. પણ દેવતાઓ આપણને આપે અને એમાંથી દસમો યા વીસમો હિસ્સો દેવતાઓને જે નથી આપતો તે તો એની પાસે દેવતાઓએ જે દીધેલું છે તે ટકતું નથી. પછી મનુષ્ય એમ કહે કે મને તો કાંઈ લાભ થતો નથી. સફળતા મળતી નથી. કારણ કે ધર્મ માટે વાપરતો નથી. ભોગ માટે વાપરવા માટે જેટલો તત્પર છે મનુષ્ય, એટલો ધર્મને માટે વાપરતો નથી. આ જે સ્વભાવ જેમને આડો આવે એટલે લાભ ન થાય તો, જે દોષ છે તે એ આવા જીવો બીજાને દે છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે - ''હે અર્જુન તું ગૃહસ્થી છે એટલે દેવયજ્ઞ કર.'' એટલે દેવ એટલે ઈન્દ્રિાદિ દેવતાઓ. પછીએ આપણને આપ્યા કરે છે. વરસાદ કોણ વરસાવે બોલો? ઈન્દ્ર, ઈન્દ્રની અંદર સામર્થ્ય વરસાદ વરસાવવાનું નથી. પણ ભગવાને એની નિયુક્તિ કરી છે. એટલે વરસાદ વરસાવવો, બંધ રાખવો એ કામ ઈન્દ્રનું છે. પણ ઈન્દ્રની અંદર સામર્થ્ય કોનું છે? ભગવાનનું, એમ ઈન્દ્ર, વરૂણ, વાયુ, અગ્નિ જે દેવતાઓ છે જેને ભગવાને અલગ-અલગ કાર્યો સોંપેલા છે અને એ કાર્યો દ્વારા સમગ્ર સૃષ્ટિનો વ્યવહાર કરે છે. સમગ્ર સૃષ્ટિનું શાસન થાય છે. એટલે સમગ્ર સૃષ્ટિના અલગ-અલગ કાર્યોને કરવા માટે અલગ-અગલ દેવતાને નિયુક્ત કરેલા છે. અને એ દેવતાઓના કાર્યથી બધા જ દેવતાઓના કાર્યના સુમેળથી આપણુ જીવન ચાલે છે. આપણા જીવનને ચલાવવા માટે દેવતાઓની કેટલી બધી આવશ્યકતા છે. જેમ સમજો કે વહીવટ ચલાવવા માટે જે મંત્રાલય હોય છે. કર્મચારી હોય છે. જેમના વહીવટના કારણે આપણે સુખપૂર્વક આપણા ભારત દેશમાં જ્યાં જ્યાં આપણુ ગામ કે જગ્યા હોય ત્યાં સુખપૂર્વક રહી શકીએ છીએ. જો કોઈ શાસક ન હોય તો અરાજકતા ફેલાય જાય. શાસક જોઈએ એમ આપણે એટલા માટે જીવન જીવી શકીએ છીએ કે ભગવાને નિયુક્ત કરેલા ઈન્દ્ર, વરૂણ, અગ્નિ વગેરે દેવતાઓ જે છે એને એ પોત-પોતાનું કાર્ય કરે છે અને લાભ આપણને વ્યક્તિગત મળે છે ને બધા દેવતાઓના સહયોગથી કૃપાથી આપણું જીવન સંભવ છે. જો ઈન્દ્ર વરસાદ ન વરસાવે તો અન્ન ઉત્પન્ન ન થાય અને અન્ન ઉત્પન્ન ન થાય તો આપણે ખાઈએ શું? ખાવાનું મળે? બોલો, આપણું આ શરીર છે ને એ અન્ન અને જળથી ચાલે છે. અન્ન અને જળથી ટકે છે અને અન્ન અને જળ એ ઈન્દ્ર વરસાદ વરસાવે છે. એટલે મેળવીએ છીએ. અને આજે પણ આપણે ઈન્દ્રકૃત વૃષ્ટિથી જ આધારીત છીએ. ઈન્દ્ર દેવ છે એ વરસાદ વરસાવે છે અને આપણને એનો લાભ મળે છે. વરસાદ દ્વારા ઉત્પન્ન થયેલુ અન્ન ખાઈએ છીએ. વરસાદનું જળ પીએ છીએ અને એનાથી નક્કી થાય છે કે ઈન્દ્ર દેવતાથી આપણ ઉદ્દ્કૃત છીએ. એવી રીતે વરૂણ દેવતા, વાયુ દેવતા, અગ્નિ દેવતા છે. વાયુ વહેતો બંધ થાય તો શું આપણે જીવી શકીએ. પ્રાણવાયુ વગર, બે મિનિટ પણ રહી શકીએ નહિં. એટલે આપણુ આ જીવન છે ને એ વાયુદેવતાથી ઉદ્દ્કૃત છે. એવી રીતે અન્ય દેવતાઓને લઈએ તો આપણે જે જ્ઞાનેદ્રિયો દ્વારા કાર્ય કરીએ છીએને? એ બધા દેવતાઓને આધીન છે એટલે સંપૂર્ણ આપણું શરીર છે એ દેવતાઓને આધીન હોવાથી બ્રહ્મશેષ સર્વ પ્રથમ દેવયજ્ઞ જ છે એ કર્તવ્ય છે. એટલે ભગવાને મોક્ષને માટે અંતઃકરણની શુદ્ધિમાં કારણભૂત જે કર્મ છે એ કર્મમાં સર્વ પ્રથમ દેવયજ્ઞ છે. જે ભગવાન શ્રીકૃષ્ણએ ઉલ્લેખ કર્યો છે. ■

# "ૐ ઉચ્ચારણથી રોગોમાં થતાં ફાયદા"

સુધા એસ. પંચાલ
આંકલાવ

ૐ આપણી જિંદગી એવી રીતે બદલી નાખે છે જેની કલ્પના પણ કરી શકતાં નથી. સંપૂર્ણ બ્રહ્માંડનું પ્રતીક છે ઓંકાર. દુનિયામાં બધાં મંત્રોનો સાર છે ઓમકાર, બ્રાહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિક છે. ઓંકાર. ઓંકાર ધ્વનિથી ૧૦૦ થી પણધારે અર્થ બતાવ્યાં છે. જે પણ ૐ નું ઉચ્ચારણ કરે છે તેની આસપાસ સકારાત્મક શક્તિનો સંચાર થાય છે.

ૐ થી નીકળેલી ધ્વનિ શરીરનાં બધાં ચક્રો અને હોર્મોનમાંથી વહેવાવાળી ગ્રંથિઓમાં ટકરાય છે અને આ ગ્રંથિઓમાં વહેવાથી નિયંત્રિત કરે અને બિમારીઓને દૂર કરે છે.

ૐ ત્રણ અક્ષરોથી બનેલ છે. अ નું તાત્પર્ય છે ઉત્પન્ન થવું. ૐ કા તાત્પર્ય છે ઉઠવું, વિકાસ કરવું, થવું એ મ નો મતલબ છે મૌન થઈ જવું અર્થાત્ બ્રહ્મમાં લીન થઈ જવું. આ ત્રણ ધ્વનિથી બને 'ૐ'. આપણા શરીરના પૂરા હિસ્સામાં આ શબ્દ પ્રભાવ પાડે છે. 'अ' ધ્વનિનો પ્રભાવ આપણા શરીરમાં નાભિમંડલ પર ૐ ધ્વનિનો પ્રભાવ પૂરા હૃદય અને મ ધ્વનિનો પ્રભાવ આપણા પૂરા મસ્તિષ્ક પર પડે છે. ૐ નું ઉચ્ચારણ આપણા સ્વાસ્થ્યને માટે બહુ જ લાબદાયક છે.

(૧) **થાઈરોઈડ :** ૐ ના ઉચ્ચારણથી ગળામાં કંપન પેદા થાય છે. જો થાયરાઈડ ગ્રંથિ પર સકારાત્મક પ્રભાવ પાડે છે અને રોજ સવારે લગાતાર ૫ મીનિટ ૐ નું ઉચ્ચારણ કરવાથી આપણે આ બિમારીથી છૂટકારો મળે છે.

(૨) **તનાવમાંથી મુક્તિ :** શરીરમાં રહેલા વિષવાળા તત્ત્વો દૂર કરવામાં કાફી સહાયક સિદ્ધ થાય છે. અર્થાત્ તનાવને કારણે પેદા થયેલા વિષેલાદળ પર નિયંત્રણ કરે છે અને આપણને તનાવમાંથી મુક્તિ આપવામાં સહાયક સિદ્ધ થાય છે.

(૩) **ખૂનનો પ્રવાહ (રક્તનો પ્રવાહ) :** ૐ ના ઉચ્ચારણથી ખૂનનાં પ્રવાહને સંતુલિત રાખવામાં સહાયતા મળે છે. જેથી ઉચ્ચ રક્તચાપ (હાય બીપી) અને હૃદયની બધી પરેશાનીઓમાંથી છૂટકારો મળે છે. (૪) **ગભરામણ :** ૐના ઉચ્ચારણથી આપણુ ચિત્ત શાંત થાય છે અને ગભરામણ દૂર થઈ જાય છે. (૫) **પાચનશક્તિ વધારે છે :** લગાતાર ૐ ના ઉચ્ચારણથી આપણી પાચનશક્તિ મજબૂત થઈ જાય છે. (૬) **સ્ફૂર્તિ :** અગર થાક અનુભવ કરીએ તો શાંત ચિત્ત શાંત મનથી બેસી ૧૦ વાર ૐ નું ઉચ્ચારણ કરવાથી કાફી લાભકારી બનસે એનાથી સ્ફૂર્તિ અને તાજગી મળે છે. (૭) **નીંદ ન આવવાની સમસ્યા :** અગર આપણા દિમાગમાં કોઈપણ પ્રકારની કોઈ વાત ચાલી રહી હોય, કોઈપણ પ્રકારની કોઈ પરેશાની હોય જેના કારણે આપણને ઊંઘ ના આવતી હોય તો એવા સમયે મનથી ૐ નું ઉચ્ચારણ કરવાથી વધારે લાભ મળશે અને સરસ ઊંઘ આવી જશે. (૮) **ફેફસાની બિમારીમાં સહાયક :** કેટલાક વિશેષ પ્રકારનાં પ્રાણાયમથી ૐ નું ઉચ્ચારણ કરવાથી ફેફસાને મજબૂતી આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ૐ નું ઉચ્ચારણ, અગર આપણને ફેફસાંની કોઈપણ પરેશાનીથી જલ્દીથી સાઁસ નિકાળીને ૐ નું ઉચ્ચારણ કરવું.

(૯) **રીડની હડ્ડી મજબૂત બને છે :** લગાતાર ૐ નું ઉચ્ચારણ કરવાથી શરીરમાં કંપન પેદા થાય છે અને આ કંપનથી રીડનું હાડકામાં પ્રવાહિત બને છે જેનાથી તેની ક્ષમતા વધી જાય છે અને હાડકાને મજબૂતી મળે છે.

ૐ નું પૂરા વ્યાખ્યાન કરવાનું આસાન નથી. ૐ માં રહસ્યની કોઈ સીમા નથી. ૐના તો શરૂઆત છે ના અંત છે.■

# જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી
પીપળીયા

હું એક રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. મેં જોયું કે ત્યાં એક મંદિર બની રહ્યું હતું. ઘણા મજૂરો મંદિર બનાવવામાં લાગેલા હતા. મંદિરનું ઘણું ખરું કામ થઈ ચૂક્યું હતુ. શિખર બની રહ્યું હતું. મને થયું કે આમને પૂછું કે તેઓ શું કરી રહ્યા છે. મેં એક મૂજરને પૂછયું ભાઈ તુ શું કરે છે. એણે ગુસ્સામાં જવાબ આપ્યો. આંખો નથી? દેખાતુ નથી. હું પથ્થર તોડી રહ્યો છું.

હું બે ડગલાં આગળ વધ્યો. બીજા મજૂર પાસે ગયો એ પણ પથ્થર તોડી રહ્યો હતો. ભગવાનનું મંદિર બનાવી રહ્યો હતો. મેં પૂછયું ભાઈ તું શું કરી રહ્યો છે. તેણે કહ્યું હું રોજી રોટી મેળવી રહ્યો છું. હું ત્રીજા મજૂર પાસે ગયો એ પણ પથ્થર તોડી રહ્યો હતો. ભગવાનનું મંદિર બનાવી રહ્યો હતો. મેં તેને પણ પૂછયું ભાઈ તું શું કરી રહ્યો છે. તેણે હસતા ચહેરે કહ્યું હું ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું. ત્રણેય મજૂરનું કામ એકસરખું છે. મજૂરી સમાન છે. પરિસ્થિતિ પણ એકસરખી જ છે. પણ તરણેયની દૃષ્ટિ જુદી જુદી છે. એકે ગુસ્સામાં આવીને કહ્યું પથ્થર તોડી રહ્યો છું. બીજાએ ઉદાસ થઈને કહ્યું હું રોજી રોટી મેળવી રહ્યો છું. ત્રીજાએ પ્રસન્નતાથી કહ્યું હું ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું. સમસ્યા કોઈ પરિસ્થિતિઓમાં કે કોઈ ઘટનાઓમાં નથી. જીવનની પરેશાનીઓ બીજી વ્યક્તિઓ દ્વારા નથી સર્જાતી બધી પરેશાનીઓ અને સમસ્યાઓ આપણી દૃષ્ટિમાં જ છે. વ્યક્તિની દૃષ્ટિ જેવી હોય છે. એવી જ રીતે તે બહારની પરિસ્થિતિઓ માં વર્તે છે. જે વ્યક્તિ જીવનમાં માત્ર પથ્થર તોડવાનું જ કામ કરે છે. એનો સ્વભાવ ચીડિયો હોય છે. જેનું જીવન માત્ર રોજી રોટી મેળવવા માટે છે. તે ઉદાસી સિવાય બીજું શું પ્રાપ્ત કરવાનો. પથ્થર તો ત્રીજી વ્યક્તિ પણ તોડી રહી હતી. પરંતુ તેણે શો જવાબ આપ્યો. તેણે એમ ન કહ્યું કે હું પથ્થર તોડી રહ્યો છું કે રોજી રોટી કમાઈ રહ્યો છું. તેણે જવાબ આપ્યો હું ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું. અહીં દૃષ્ટિનો ભેદ છે.

દૃષ્ટિ ક્યાં હોવી જોઈએ ભગવાન તરફ દામની પૂજા કરતા કરતા રામને ભૂલી જશો તો દામની પૂજા ખતરનાક બની રહેશે. દામ, ચામ, ધામ આ ત્રણેય વસ્તુઓની આરાધનામાં રામને ભૂલી ગયા તો આ ત્રણેય ભટકાવશે. રામને ભૂલીને કોઈ કામ ન કરો. કબીરજી કપડાં સીવતા હતા પણ જ્યારે એમની પાસે કોઈ કપડાં ખરીદવા આવતું ત્યારે તેઓ પોતે ઉભા થઈને એની ચાદર ઓઢાડતા એ કહેતા ભાઈ ધ્યાન રાખજો આ ચાદર પર ડાઘ ન લાગે. કેવો ડાઘ બહારની ગંદકીનો ડાઘ નહિ કબીરજીના કહેવાનો મર્મ આમ હતો. ધ્યાન રાખજો તમારા ચારિત્ર પર ડાઘ ન લાગે નહિતર ભક્તિભાવથી રામનું નામ લઈ મેં જે ચાદર બનાવી છે એના પર કલંક લાગશે. કબીરજી એવા ભક્તિભાવથી ચાદર બનાવતા કે જે ઓઢતા તે પણ પુણ્યશાળી થઈ જતા. કબીરજી ગૃહસ્થ હતા, પણ સંત હતા. એમના મનમાં સંસારની માયાજાળ નહોતી. ઘરમાં રહીને પણ સંત બની શકાય છે. મહારાષ્ટ્રના સંત એકનાથ ગૃહસ્થ હતા. સંત થવું એ મોટી સાધના છે. આપણી દૃષ્ટિ હકારાત્મક હોવી જોઈએ. આપણે માત્ર પથ્થર જ ન તોડીએ રોજી રોટી જ ન મેળવીએ. પરંતુ આ કામ કરતાં કરતાં કોઈ પૂછે તો કહીએ ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું. જો પરમાત્માને ભૂલીને બહારનાં મોહ-માયામાં ફસાઈ ગયા તો આપણો આત્મા મલિન થઈ જશે. કબીરજી એ કહ્યું છે.

जब तुम आए जगत में, जगत हसत तुम रोय।
अब करनी ऐसी कर चलो, तुम हसो जग रोय॥

જ્યારે તમે આ જગતમાં આવ્યા ત્યારે જગત હસતું હતુ તમે રડતા હતા. પણ જીવનમાં કરણી એવી કરો કે જ્યારે તમે જાઓ ત્યારે તમે હસો અને જગત રડે. જો આવું જીવન જીવશો તો જીવન સાર્થક થશે. નહિતર જ્યારે આપણો જન્મ થયો ત્યારે આપણે રડ્યા જ હતા. પણ જીવન એવું જીવીએ કે મરતી વેળીએ આપણે હસીએ અને દુનિયા રડે પણ એવું ક્યારેય થાય છે ખરું. કોનું જીવન સફળ થાય છે. મરતી વેળાએ જે હસે એનું જીવન સફળ થાય છે. તમે કહેશો ઠીક છે. હું પ્રયત્ન કરીશ પણ અંતિમ સમયે તમે એમ નથી કરી શકતા. અંતિમ સમયે એ જ હસી શકે છે જેને જીવનભર હસવાનો અભ્યાસ હોય. ઘણ એમ માન છે કે અંતિમ સમયે જે ભગવાનનું નામ લે છે એનો બેડો પાર થઈ જાય છે. કોઈ કહે છે. હજી તો ઘણાં વર્ષો બાકી છે. અંતિમ સમયે ભગવાનનું નામ લઈશું. જેમણે જીવનભર કામ કામ જ કર્યું છે. તેઓ અંતિમ સમયમાં રામ રામ કેવી રીતે કરી શકે. જીવન ભરની બધી પ્રવૃત્તિઓનું પરિણામ મૃત્યુના સમયે આવીને ઉભુ રહી જાય છે. મૃત્યુ તો જ સુધરે જો આપણું જીવન સુધરે. ■

નાના બાળકો જ્યારે ભૂલો કરે છે ત્યારે કેટલાક વડીલો એમ કહેતા હોય છે, 'તમે તો બહુજ ભૂલો કરો છો!' 'તમને કશુ આવડતું નથી.' વાત એક રીતે સાચી પણ છે જ. બાળકોને નથી આવડતું એટલે જ તો તેઓ ભૂલો કરે છે. પરંતુ એ ભૂલો તો તેઓ શીખવા માટે જ કરતા હોય છે. અને બાળકો ભૂલો નહીં કરે તો બીજું કોણ કરશે? અરે, વડીલો પણ શું ભૂલો નથી કરતા? ભૂલો કરવી તે બાળકોનો જન્મસિદ્ધ અધિકાર છે. એટલે જ તો તેમને ભૂલકા કહેવાય છે અને બાળકો જ શા માટે? મનુષ્ય માત્રનો એ અધિકાર છે. તો કહેવત પડી છે - 'માણસ માત્ર ભૂલને પાત્ર'જે ભૂલ જ ના કરે તે કદાચ માણસ ન પણ હોય...!

વળી છેવટે તો કોઈપણ માણસ ભૂલો કરીને જ નવું નવું શીખતો જાય છે ને ? દરેક ભૂલ આપણને નવું કશુંક શીખવાડતી જાય છે. તેથી ભૂલો કરવી તે જ્ઞાન મેળવવાનું પ્રથમ પગથિયું છે. એક જ નાનકડું ઉદાહરણ લઈએ. નાનું બાળક અગ્નિના અંગારાને પ્રથમ વખત તો પકડી લેવાની ભૂલ કરે છે. પણ એકવાર ભૂલ કર્યા પછી તેને જ્ઞાન થાય છે કે તેને અડકવાથી તો દાઝી જવાય છે. દાઝેલું તો મટી જાય છે પણ ફરીથી તેવી ભૂલ થતી અટકી જાય છે. આ જ જ્ઞાન મેળવવાની રીત છે. વળી માણસ કશુંક કામ કરે છે તેથી જ તો તેની ભૂલ થાય છે - જે કશુંજ કરતો નથી તેની ભૂલ પણ ક્યાંથી પડવાની? ભૂલો પડવાની ભીતિથી કાંઈ કામ કરવાનું ઓછું છોડી દેવાય? આખી દુનિયામાં કોઈ એવો માણસ નહીં જડે જેણે એક પણ ભૂલ ન કરી હોય. અરે, મોટા વિદ્વાનોએ પણ ભૂલો કરી છે. માટે જ તો તેઓ વિદ્વાનો બન્યા છે. જે માણસ વધારે ભૂલો કરે છે તે વધારે અનુભવી બને છે અને તેથી જ તે વધારે જ્ઞાની પણ હોય છે. ભૂલ કરવા માટે પણ સાહસની જરૂર પડે છે. "Come what may" થવું હોય તે થાય, છતાં હું તો આ કામ કરીશ જ - એવી નિર્ભયતા અને આત્મવિશ્વાસ આપણને કામ કરવાની તાકાત આપે છે. એવી નિર્ભયતાનો અભાવ નિષ્ક્રિયતામાં પરિણમે છે અને ત્યાંથી અધોગતિનો પ્રારંભ થાય છે.

એટલે પેલી પંક્તિ પણ અનુભવીનું મહત્ત્વ વિશેષ આંકે છે - 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.'

આ રીતે ભૂલો કરવી એમાં કશું જ ખોટું નથી. પણ હા, ભૂલો કર્યા પછી તેને ન સુધારવી તે ખોટું છે. પોતાની ભૂલોમાંથી જે માણસ શીખતો જાય છે તે જ્ઞાની બને છે અને ભૂલોમાંથી જે કશું શીખતો નથી તે મહામૂર્ખ બને છે. આપણે શું બનવાનું પસંદ કરીશું ?

ભૂલોને સુધારવાનું પ્રથમ પગથિયું પોતાની ભૂલોના નમ્રતા, નિખાલસતા અને નિર્ભયતાપૂર્વક સ્વીકાર કરવો તે છે. જે પોતાની ભૂલો સ્વીકારતો નથી તે કદી ભૂલો સુધારી શકતો નથી. તેના ભાગ્યમાં મહામૂર્ખ બનવાનું જ નિશ્ચિત થઈ જાય છે. ભૂલના ખોટેખોટા બચાવો કરી થીંગડા મારવાથી ભૂલ તો સુધરતી નથી જ પણ અજ્ઞાન અને અહંના અંધકાર તરફ ઢસડાઈ જઈ અધોગતિને આમંત્રણ આપે છે. તેથી ભૂલોને તત્કાળ સ્વીકારી લઈ, તેનું પૃથ્થકરણ કરવું જોઈએ. કારણોનું મૂલ્યાંકન કરવું જોઈએ. કારણોને જાણ્યા પછી તથા ભૂલોને પૂરેપૂરી સમજયાં પછી તને સુધારવાની તીવ્ર તાલાવેલી અને મથામણ ચાલવી જોઈએ. મનની નિર્બળતા ઉપર અંકુશ રાખી તેને જીતી લેવાનો પ્રબળ પુરૂષાર્થ થવો જોઈએ. પ્રતિક્ષણ સ્વનિરિક્ષણ કરતા રહીને સાવધાનીપૂર્વક ભૂલ સુધારવાનો અવિરત પ્રયત્ન થયા કરવો જોઈએ. આવા વણથંભ્યા પ્રયત્નોથી આપણી ભૂલો સુધરતી જાય છે. નવું નવું જ્ઞાન એ અનુભવો ઉમેરાતા જાય છે. એમ જ જીવનની પ્રગતિ થાય છે. કેવી મજા છે ભૂલો કરવાની અને સુધારવાની.... (ક્રમશઃ)

ૐ શ્રી પરમાત્મને નમઃ

ધર્મભૂમિ કુરુક્ષેત્રના એક ભાગમાં કૌરવોની સેના ઊભી છે અને બીજા ભાગમાં પાંડવોની સેના ઊભી છે. બન્ને સેનાઓના મધ્યભાગમાં સ્વેત અશ્વોથી યુક્ત એક મહાનદિવ્યરથ ઊભો છે. એ રથના એક ભાગમાં ભગવાન શ્રીકૃષ્ણ બેઠા છે અને એક ભાગમાં અર્જુન! અર્જુનને નિમિત્ત બનાવી મનુષ્યમાત્રનું કલ્યાણ કરવા માટે ભગવાન પોતાના દિવ્ય ઉપદેશનો આરંભ કરે છે અને સહુથી પહેલા શરીર અને શરીરીના-દેહ અને આત્માના વિભાગનું વર્ણન કરે છે.

અહીં શોકમગ્ન અર્જુનને શોકની નિવૃત્તિને ઉપદેશ આપવાને માટે ભગવાન હવે પછીનું પ્રકરણ કહે છે. અહીં અર્જુન શોકમાં ડૂબી ગયા છે. એટલે અર્જુનને કહે છે. પણ આ દિવ્ય ઉપદેશ છે બધા જ મનુષ્યો માટે. અહીં કોઈ વર્ણભેદ નથી કે કોઈ સંપ્રદાયવાદ નથી. આ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન દરેકને શોક કરતા હોય એવા જીવોને માટે કહે છે.

**'' અંશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।**
**ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥''**

તું જેમના માટે શોક કરવો યોગ્ય નથી તેમના માટે શોક કરે છે અને જ્ઞાનીજનોનાં જેવાં વચનો બોલે છે; પરંતુ જેમના પ્રાણ જતા રહ્યા છે તેમના માટે અને જેમના પ્રાણ નથી ગયા તેમના માટે જ્ઞાનીજનો શોક નથી કરતા.

મનુષ્યને શોક ત્યારે થાય છે કે જ્યારે તે સંસારના પ્રાણી-પદાર્થોને બે વિભાગમાં વહેંચી નાંખે છે કે આ મારા છે અને આ મારા નથી; આ મારા પોતાના કુટુંબીઓ છે અને આ મારા પોતાના કુટુંબીઓ નથી. આ અમારા વર્ણના છે અને આ અમારા વર્ણના નથી; આ અમારા આશ્રમના છે અને આ અમારા આશ્રમના નથી; આ અમારા પક્ષના છે અને આ અમારા પક્ષના નથી.

તમે જૂઓ જેને આપણે અમારા એમ માનીએ છીએ એમનામાં મમતા, કામના, પ્રીતિ અને આસક્તિ થઈ જાય છે. આ મમતા, કામના વગેરેને લીધે જ શોક, ચિંતા, ભય, ઉદ્વેગ, ખળભળાટ, સંતાપ વગેરે દોષો ઉત્પન્ન થાય છે. એવા કોઈ પણ દોષ અને અનર્થ નથી, જે મમતા અને કામના વગેરેથી પેદા ન થતા હોય - આ સિદ્ધાંત છે.

જે વ્યક્તિ-વસ્તુ-પદાર્થ વિષે અત્યંત મારાપણું હોય છે, એ વ્યક્તિ-વસ્તુ-પદાર્થનો જ્યારે વિયોગ થાય છે ત્યારે આપણને શોક થાય છે. જેમાં મારાપણું નથી હોતું એનો કોઈને શોક થતો નથી. જોવામાં આવતો.

અર્જુનની સઘળા કુરુવંશીઓમાં પૂરેપૂરી મમતા હતી અને એ મમતાને કારણે જ એમના મરવાની આશંકાથી અર્જુનને શોક થઈ રહ્યો હતો. આ શોકને દૂર કરવા માટે ભગવાને અર્જુનને ગીતાનો દિવ્ય ઉપદેશ આપ્યો છે, જે ઉપદેશ દરેક વર્ણના મનુષ્યો માટે અને દરેક સંપ્રદાયના અનુયાયીઓ માટે સ્વીકારવા યોગ્ય છે.

આ સંસારમાત્રમાં બે વસ્તુઓ છે. સત્ અને અસત્. શરીરી અને શરીર. આ બેઉમાં શરીરી-આત્મા-તો અવિનાશી છે. અને શરીર-દેહ વિનાશી છે. આ બન્નેય અશોચ્ય છે. કારણ કે આ અવિનાશીનો ક્યારેય વિનાશ થતો નથી. આથી એના માટે શોક કરવાનો હોતો જ નથી. અને વિનાશીનો વિનાશ થાય છે જ. તે એકક્ષણ પણ સ્થાયીરૂપે રહેતું નથી, બે વસ્તુ છે. શરીરી અને શરીર.

તો શરીર ક્યારેય એકરૂપ રહેતું જ નથી. શરીર જન્મથી પહેલાં પણ ન હતું અને મૃત્યુ પછી પણ રહેશે નહીં તથા વર્તમાનમાં પણ તે પ્રતિક્ષણ મરી રહ્યું છે. વાસ્તવમાં ગર્ભમાં આવતાં જ શરીરના મરવાનો ક્રમ (પરિવર્તન) શરૂ થઈ જાય છે. બાલ્યાવસ્થા મરી જાય

તો યુવાવસ્થા આવી જાય છે. યુવાવસ્થા મરી જાય તો વૃદ્ધાવસ્થા આવી જાય છે અને વૃદ્ધાવસ્થા મરી જાય તો દેહાન્તર-અવસ્થા અર્થાત્ બીજા નવા શરીરની પ્રાપ્તિ થઈ જાય છે. તો આમાં શરીરનો શોક કરવા જેવું શું છે? આ બધુ તો બદલાયા જ કરે છે. જૂનું નવું થાય છે. એટલે કોઈએ આ શરીરનો શોક કરવાનો નથી.

તત્ત્વજ્ઞ પુરૂષ ક્યારેય કોઈપણ અવસ્થામાં મોહિત થતો નથી. મનુષ્ય સમક્ષ જન્મવું, મરવું, લાભ, હાનિ વગેરેના રૂપમાં જે કાંઈ પરિસ્થિતિ આવે છે. તે પ્રારબ્ધનું અર્થાત્ પોતાના કરેલા કર્મોનું જ ફળ છે. એ અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિને લીધે શોક કરવો અને સુખી કે દુઃખી થવું એ કેવળ મૂર્ખતા જ છે.

**'ગતાસૂનગતાસૂંશ્ચ'** - બધાના પિંડ-પ્રાણનો વિયોગ અવશ્યંભાવી છે. એમનામાંથી કોઈકના પિડ-પ્રાણનો વિયોગ થઈ ગયો છે અને કોઈકનો થવાનો છે. આથી એમને માટે શોક નહિ કરવો જોઈએ.

જેઓ મરી ગયા છે. એમને માટે શોક કરવો એતો મહાન મોટી ભૂલ છે. કારણ કે મરણ પામેલ પ્રાણીઓને માટે શોક કરવાથી એ પ્રાણીઓને દુઃખ ભોગવવું પડે છે. એવી જ રીતે જેઓ હજુ જીવી રહ્યા છે. એમને માટે પણ શોક ના કરવો જોઈએ. એમનું તો પાલન-પોષણ કરવું જોઈએ અને વ્યવસ્થા કરવી જોઈએ. કોઈ ગરીબઘરના મોભી મરી જાય તો પાછળના અસહાય બાળકો ને માટે એમના સગાસંબંધીઓએ આર્થિક મદદ કરવી જોઈએ. જેથી તેઓનું ભરણપોષણ સારી રીતે થઈ શકે. શોક કરવાથી કોઈ લાભ થતો નથી. થાય છે? ના. ભગવાને 'ગતાસૂન્' અને 'અગતાસૂન્' ના શોકને જ હેતુ બતાવ્યો છે. જેમના પ્રાણ ચાલ્યા ગયા છે, તેઓ 'ગતાસૂન' છે અને જેમના પ્રાણ નથી ગયા તેઓ 'અગતાસૂન્' છે. 'પિંડ અને જળ નહિં મળવાથી પિતૃઓનું પતન થઈ જાય છે.'આ અર્જુનની ગતાસૂન્‌ની ચિંતા છે. અને 'જેમને માટે અમે રાજ્ય, ભોગ અને સુખ ઈચ્છીએ છીએ, તેઓ જ તો પ્રાણોની અને ધનની આશા છોડીને યુદ્ધમાં ઊભા છે.' આ ર્જુનની 'અગતાસૂન્' ની ચિંતા છે.

આ બંને ચિતાઓ શરીરને લઈને જ થઈ રહી છે. કારણ કે 'ગતાસૂન્' અને 'અગતાસૂન' બન્નેય નાશવંત છે. આ બન્નેને માટે કર્તવ્ય-કર્મ કરવું એ ચિંતાની વાત નથી. 'ગતાસૂન્'ને માટે પિંડ અને પાણી આપવાં, શ્રાદ્ધ-તર્પણ કરવું - એ કર્તવ્ય છે. અને 'અગતાસૂન્' ને માટે નિર્વાહની વ્યવસ્થા કરવી એ કર્તવ્ય છે, કર્તવ્યએ ચિંતાનો વિષય નથી હોતો, ઊલટાનો વિચારણાનો વિષય છે. વિચારણાથી કર્તવ્યનો બોધ થાય છે,

સતને સત માનવાથી પણ શોક નથી થતો અને અસત્‌ને અસત્ માનવાથી પણ શોક નથી થતો. આત્મા સત્‌સ્વરૂપ છે, અને બદલાવાવાળું શરીર અસત્-સ્વરૂપ છે. હવે, અસત્‌ને સત માની લેવાથી જ શોક થાય છે. કે આ બધું જે અમને મળ્યું છે તે કાયમ એમ જ રહે, એવુંને એવું જ શરીર રહે વૃદ્ધાવસ્થા-રોગ-વ્યાધિ-આદિ આવે જ નહીં. આ શરીર વગેરે કાયમ આવાં જ સુંદર રહે, મરે નહિ - આ વાતને કારણે જ શોક થાય છે. સતને કારણે કરી ચિંતા અને શોક થતાં જ નથી. કારણ કે સત્-તત્ત્વ જ આત્મા છે, હું જ સત્-સ્વરૂપ અવિનાશી આત્મા છું, આત્મા ચેતન, અવિનાશી અને નિર્વિકાર છે. એ અનંતકાળ સુધી જેમ નો તેમ જ રહે છે.

હું શરીર નથી, શરીર મારૂં નથી, હું શરીરને આધારે નથી. બલ્કે હું તો અસંગ આત્મા હું 'અહં બ્રહ્માસ્મિ' હું તો બ્રહ્મસ્વરૂપ છું. દેહ અને દેહીના ભેદનો સ્વીકાર કરવાથી જ કલ્યાણ થઈ શકે છે. જ્યાં સુધી 'હું શરીર છું.' આ ભાવ રહેશે, ત્યાં સુધી ગમે તેટલો ઉપદેશ સાંભળ્યા કરો, સંભળાવતા રહો, અને સાધના પણ કર્યા કરો, કલ્યાણ થશે નહિં.

જે વસ્તુ આપણી ન હોય, તેને પોતાની માનીલેવી અને જે વસ્તુ ખરેખર આપણી હોય તેને પોતાની ન માનવી એ જ બહુ મોટી ભૂલ છે. પોતાની વસ્તુ એ જ હોઈ શકે છે, જે હંમેશા આપણી સાથે રહે

અને આપણે હંમેશા તેની સાથે રહીએ. શરીર એકક્ષણ પણ આપણી સાથે નથી રહેતું અને પરમાત્મા નિરંતર આપણી સાથે જ રહે છે. શરીરને પોતાનું માનવું અને પરમાત્માને પોતાના ન માનવા એજ સૌથી મોટી ભૂલ છે. આ ભૂલને સુધારવા માટે ભગવાન ગીતામાં સર્વપ્રથમ શરીર-શરીરીના ભેદનું વર્ણન કરે છે અને સાધકને ઉદ્‌બોધન કરે છે કે, જેનું મૃત્યુ થાય છે એ તમે નથી અર્થાત્ તમે શરીર નથી. તમે જ્ઞાતા છો. (જાણવાવાળા છો) - શરીર જ્ઞેય છે. (જાણવામાં આવનારૂં છે) તમે સર્વદેશીય છો - 'નિત્ત્યઃ સર્વગતઃ' શરીર એક દેશીય છે. તમે ચિન્મય લોકમાં રહેનારા છે, શરીર જડ સંસારમાં રહેનારું છે. તમે મુજ પરમાત્માના અંશ છો. 'મમૈવાંશો જીવલોકે' (ગીતા-૧૫/૭) તમે નિરંતર અમરતામાં રહો છો. શરીર નિરંતર મૃત્યુમાં રહે છે. શરીરની ક્ષતિથી તમારી સહેજ પણ ક્ષતિ નથી. તેથી શરીરને માટે તમને શોક, ચિંતા, ભય વગેરે થવા જોઈએ નહીં.

મનુષ્ય વિવેકપ્રધાન છે. તેથી 'શરીર હું નથી.' - આવો વિવેક મનુષ્ય શરીરમાં જ થઈ શકે છે. શરીરને હું - મારૂં માનવું એ મનુષ્યબુદ્ધિ નથી. પરંતુ પશુ બુદ્ધિ છે. તેથી શુકદેવજી મહારાજ પરિક્ષિત રાજાને કહે છે -

**ત્વં તુ રાજન્ મરિષ્યેતિ પશુબુદ્ધિમિમાં જહિ ।**
**ન જાતઃ પ્રાગભૂતોઽદ્ય દેહવત્ત્વં ન નઙ્ક્ષ્યસિ ॥**

શ્રીમદ્ ભા. ૧૨/૫/૨

હે રાજન્! હવે તમે આ પશુબુદ્ધિ છોડી દો કે હું મરી જઈશ. જેમ શરીર પહેલાં ન હતું. પાછળથી પેદા થયું અને પાછું મરી જશે. એમ તમે પહેલા ન હતા, પાછળથી પેદા થયા અને પાછા મરી જશો - આવી વાત નથી.' સત-તત્ત્વને કારણે શોક કરવો અનુચિત છે.

સંસારમાં માત્ર બે જ વસ્તુઓ છે - સત્-આત્મા અને અસત-શરીર આ બંનેય અશોચ્ય છે. જે શોક કરવા યોગ્ય નથી. - બીજું શરીરી- આત્મા-દેહી આ શરીરી મરવા વાળો નથી. કારણ કે આ આત્મા ન જન્મે છે અને કોઈપણ કાળમાં ન મરણ પામે છે. તેમજ આ ઉત્પન્ન થઈન ફરીથી થવાવાળો નથી. આ આત્મા અજન્મા, નિત્ય, નિરંતર રહેવાવાળો, શાશ્વત અને અનાદિ છે. શરીરના હણાવા છતાં પણ આ આત્મા હણાતો નથી.

આ આત્મા ઉત્પન્ન નથી થતો અને ઉત્પન્ન થઈને વિકારી અસ્તિત્વવાળો નથી થતો એ બદલાતો નથી. એ વધતો નથી કે ઘટતો નથી એ ક્યારેય ક્ષીણ થતો નથી અને એ કોઈપણ કાળમાં ક્યારેય મરતો નથી. આ શરીરનો નાશ થઈ જાય. આ સંસારનો કદાચ નાશ થઈ જાય, છતાં પણ આ આત્મા એવો ને એવો જ રહે છે.

આત્મા જ પ્રથમ છે. શરીર પછી થયું છે. શરીરનો નાશ થશે તો પણ આ આત્મા કાયમ રહેશે જ. આનો ક્યારેય નાશ થતો જ નથી. કોઈ પણ કાળમાં આનો અભાવ નથી. 'એ જ આત્મા હું છું.' ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ પાલડી, હાલ સુરત સ્વ. શામજીભાઈ નાનજીભાઈ નથુભાઈ ભરોડીયા (ઉંમર વર્ષ ૭૩) સંવત ૨૦૭૪ મહા સુદ-૧ તા.૧૮-૧-૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ અધેવાડા, સ્વ. અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ ડાંખરા (ઉંમર વર્ષ ૪૮) સંવત ૨૦૭૪ પોષ સુદ-૯ તા.૨૭-૧૨-૨૦૧૭ ને બુધવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

❖ **પીલુડી :** પીલુડીના છોડ પણ હોય છે અને ઝાડ પણ હોય છે. ઘર આંગણે છોડ વધારે અનુકૂળ રહે. તે હોઠ પરનો સોજો મટાડે છે. યકૃતના રોગમાં પણ તે ઉપયોગી છે. ખરજવું, સંધિવા, કફ, હરસ, કોઢ વગેરેમાં પણ તેની ઉપયોગીતા દર્શાવાઈ છે.

❖ **સાટોડી :** સંસ્કૃતમાં તેને પુનર્નવા કહે છે. તે પેશાબના રોગ મટાડે છે. આંખોના રોગોમાં પણ તે ઉપયોગી છે. કમળાના રોગમાં તે ખૂબ લાભદાયી છે. તે હિમોગ્લોબિનનું પ્રમાણ વધારે છે.

❖ **બિલિ :** ભગવાન શંકરને જેનો અભિષેક થાય છે એ બિલિ મધુપ્રમેહનો જડમૂળથી નાશ કરે છે. તે કાનની બહેરાશ દૂર કરે છે. તથા ઝાડા-મરડામાં પણ રાહતરૂપ નીવડે છે. નરણા કોઠે બિલીનાં દસ પાન લેવા. બિલિની ચટણી, શરબત કે મુરબ્બો પણ ડાયાબિટીસને નિયંત્રણમાં રાખે છે. જ્યાં પીપળો, ઊંબરો, વડ, આંબળા અને બિલિ હોય તેને પંચવટી કહે છે.

❖ **ઘઉંના જ્વારા :** ઘઉંના જ્વારાનો રસ પીવાથી સર્વ પ્રકારના રોગો અને શારીરિક નબળાઈઓ દૂર થાય છે. અબાલવૃદ્ધ સૌ કોઈ તેનું સેવન કરી તંદુરસ્તી પ્રાપ્ત કરી શકે છે. પ્રસુતા બહેનો પ્રસુતિકાળમાં આ રસનું સેવન કરે અને સુવાવડ બાદ બાળકને દરરોજ ચારથી પાંચ ટીપાં આ રસના આપે તો બાળકની તંદુરસ્તીનું સારું ઘડતર થાય છે.

❖ **અજમાના પાન :** શરદી - કફમાં ગુણકારી. મોંની દુર્ગંધ દૂર કરે છે. તેના ભજીયા સારા બને છે. તે ઓછા નુકસાનકારક છે.

❖ **પીપળાનાં પાન :** ભગવાન અર્જુનને કહે છે 'અશ્વસ્થ સર્વવૃક્ષાણાં' અર્થાત્ બધા વૃક્ષોમાં પીપળો મારી વિભૂતિ છે. કારણ કે તે મહા ઔષધિ છે. મગજનો દુઃખાવો, અશક્તિ કે લોહીનું ઊંચુ કે નીચું દબાણ રહેતું હોય તો નરણા કોઠે ૮-૧૦ પીપળાનાં કૂણાં પાન લેવાથી રાહત થાય છે. પેટના દુઃખાવામાં પણ પીપળાનાં કૂણાં પાન ચાવી જવાથી રાહત મળે છે. તે પૌરૂષ અર્પે છે. તેના સેવનથી સંતાન થાય છે.

❖ **નગોડ :** નગોડના પાન સંધિવા તેમજ સાંધાના દુઃખાવા માટે અક્સીર ઈલાજ છે. નગોડનાં પાન પાણીમાં નાંખી તેની સહન થઈ શકે તેવી વરાળનો શેક કરવાથી વાનું દર્દ મટે છે. ચીકન ગુનીયાનો એ અકસીર ઈલાજ છે. આ પાનને લસોટીને દુઃખતા
સાંધા પર લગાવવાથી રાહત થાય છે. તેનું તેલ માથાનું દર્દ મટાડે છે. તૂટતા વાળ અટકાવે છે.

❖ **સરગવો :** સરગવાનાં પાન સંધિવાના રોગમાં ખૂબ ઉપયોગી છે. તેની શિંગ અને કૂણાં પાનનું શાક થઈ શકે છે. તેનાં પાન વાટીને લેપ કરીને તથા બાફીને શેક કરીને સારવાર લઈ શકાય છે.

❖ **નાગરવેલ :** નાગરવેલનાં પાન કફ દૂર કરવામાં વધારે ઉપયોગી છે. નાના બાળકને કફ થયો હોય ત્યારે છાતી પર પાન મૂકીને ઉપર ગરમ કપડું મૂકી શેક કરવાથી કફ છૂટો પડે છે. આ સિવાય અવાજની મધુરતા વધારવા તેમજ પાચનશક્તિ વધારવા માટે પણ નાગરવેલનાં પાનની ઉપયોગિતા સિદ્ધ થઈ છે. માખણ તાવતી વખતે તેમાં એક બે નાગરવેલનાં પાન નાખવાથી ઘી સુગંધીદાર બને છે અને લાંબો સમય સુધી રહી શકે છે.

❖ **આકડો :** આંકડાનાં ફૂલના સ્પર્શથી જ વાયુનો રોગ મટે છે. આ સિવાય તેના પાનને છાતી પર રાખી ગરમ કપડાથી શેક કરવાથી કફ છૂટો પડે છે. તેનાં પાનના ટુકડા તેલમાં તળી એ તેલ વડે માલીશ કરવાથી સાંધાનો દુઃખાવો મટે છે. તથા નસો લચીલી બને છે.

❖ **ચણોઠી :** મોઢામાં ચાંદા પડ્યા હોય કે ગળામાં બળતરા થતી હોય તો ચણોઠીનાં તાજા પાનનો રસ ચૂસીને ગળે ઉતારી જશો. કૂચા થૂંકી નાખવા. અવાજની મીઠાશ વધારવા માટે પણ ચણોઠીનાં પાનનો ઉપયોગ થાય છે.

❖ **ખાખરો :** આંખની પાંપણ નીચે આવતી ચળ માટે ખાખરાનાં પાનના દીટાનો રસ અકસીર છે. સગર્ભા શરૂઆતથી ખાખરાનાં પાનનો રસ લેવાનું રાખે તો હેળના ઉબકા અને અરૂચિ નિવારી શકાય. બાળકના વર્ણમાં પણ ફાયદાકારક બની શકે છે.

❖ **પપૈયા :** તાવ આવ્યો હોય ત્યારે બ્લડ કાઉન્ટ ડાઉન થાય ત્યારે પપૈયાનાં પાનનો રસ ત્રણ દિવસ લેવાથી ફાયદો થાય છે. વૈદ્યની સલાહ લઈ આ પ્રયોગ કરવો. ■

## કીર્તન
**માંગુકિયા જયાબેન હસમુખભાઈ (દડવા)**

(રાગ: સાયબા સડકો બંધાવ)
સદ્ગુરુ લેજો સંભાળ, જીવનના પંથમાં,
સદ્ગુરુ એક જ આધાર, જીવનના પંથમાં,
જીવનનું નાવ મારું ઝોલે ચડ્યું છે,
નાવિક વિનાનું નાવ સૂનું પડ્યું છે,
નાવડીને તારો કિરતાર, જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....
સુખના સાગર પ્રભુ દુઃખના હરનાર છો,
સેવકનાં દુઃખ પ્રભુ અળગાં કરનાર છો,
શરણે આવ્યો તમારો બાળ, જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....
દયાના સાગર તમો દીનના દયાળ છો,
ગુણનાં ભંડાર તમે ગિરધર ગોપાળ છો.
પળ પળ કરતો પોકાર,જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....
નોંધારાના તમે સાચા આધાર છો,
અંતરને જાણનાર મારા રખવાળ છો,
પળ પળ લેજો સંભાળ, જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....
સદ્ગુરુ દેવ તમે વહેલા વહેલા આવજો,
દીન દયાળ દયા દીન પર લાવજો,
મારે એક જ તમારો આધાર, જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....
સંતો કહે છે પ્રભુ વહેલા પધારજો,
સેવકનાં કામ પ્રભુ સ્નેહે સંભાળજો,
છેવટે લેજો સંભાળ, જીવનના પંથમાં.
સદ્ગુરુ લેજો....

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ દડવા (રાંદલના), સ્વ. પરશોતમભાઈ લખમણભાઈ માંગુકિયા (ઉંમર વર્ષ ૬૦) સંવત ૨૦૭૪ પોષ સુદ-૫ તા.૨૩-૧૨-૨૦૧૭ ને શનિવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## કીર્તન
**કમળાબેન ઠાકરશીભાઈ વાઘાણી (ઘાંઘળી)**

આજ રે સાહેલી ઘરે સંત પધાર્યા
હૈયામાં આનંદ ઉત્સવ થાય રે... સાહેલી...
સંત સેવીને લ્હાવો લાખેણી લઈએ.
ભવનું ભટકણ ભાંગી જાય રે... સાહેલી...
સંતોના દર્શન તો દેવોને દુર્લભ
જન્મ મરણ મટી જાય રે... સાહેલી...
અડસઠ તીરથ મારા ગુરૂજીના ચરણે
કોટી રે કાશી ને કોટી રે ગંગા,
ઘર બેઠા નાયાં જમના... સાહેલી...
કંકુ કેસરના મેં તો સાથીયા પુરાવ્યા,
કુમકુમ ના પગલે પધાર્યા... સાહેલી...
જળ રે ગંગાજીની ઝારી ભરી લાવી
સંતોના ચરણ પખાળ્યા... સાહેલી...
ઓરસીયો લાવી મેં તો ચંદન ઘસાવ્યા,
ગુરૂજીને ત્રિપુંડ તાણ્યા... સાહેલી...
દીવડા પ્રગટાવ્યા મેં તો આરતી ઉતારી,
વારણાં લો લઉં છું વારી વારી... સાહેલી...
શરણું લઈ લેજો તમે સાચા સદ્ગુરૂનું.
શરણ કમળમાં કાયમ રહેવું... સાહેલી...

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ ભાંભણ, હાલ ભાવનગર સ્વ. ભૂપતભાઈ લક્ષ્મણભાઈ કોશીયા (ઉંમર વર્ષ ૫૪) સંવત ૨૦૭૪ પોષ વદ-૭ તા.૮-૧-૨૦૧૮ ને સોમવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ પીપળીયા, તા. શિહોર સ્વ. વિઠલભાઈ પદમશીભાઈ ગાબાણી (ઉંમર વર્ષ ૮૫) સંવત ૨૦૭૪ પોષ વદ-૨ તા.૩-૧-૨૦૧૮ ને બુધવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી ચિદાનંદજી મહારાજ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

## પરમ પૂજ્ય પ્રગટ પ્રભુ પરમાત્મા
## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો

# ૭૩મો નિર્વાણ દિન ઉત્સવ

સ્વસ્તિશ્રી ગામ..........................................................................................

મહાશુભ સ્થાને શ્રી,....................................................................................

**જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે આ વર્ષે અનન્ત કોટી બ્રહ્માંડ નાયક શ્રી સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ** શ્રી ૧૦૦૮ સદ્‌ગુરૂ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી **ના આશીર્વાદથી પરમપૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય** શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ શ્રી નો ૭૩મો નિર્વાણ દિન જયંતિ મહોત્સવ **સંવત ૨૦૭૪ના મહા વદ-૮ને ગુરૂવાર તા. ૦૮-૦૨-૨૦૧૮ના રોજ** શ્રી આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ, સુઘડ **ના આંગણે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય** શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ **વેદાન્તાચાર્ય શ્રી ની અધ્યક્ષતામાં પૂરા ભક્તિભાવથી ઉજવવામાં આવશે.**

**તો આ પ્રસંગે સંતો, મહંતો, વિધ્દ્રાન મહાપુરુષો પધારશો, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન-પૂજન-અર્ચન તથા આશિર્વચનનો અમુલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

॥ મહોત્સવ સ્થળ ॥

### શ્રી આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ

**સર્વે નં. ૧૧૭, નર્મદા કેનાલની બાજુમાં, ગ્રીનવુડ પાર્ટી પ્લોટની બાજુમાં, કોબા સર્કલ રોડ, નભોઈ, સુઘડ**

**નિર્વાણ જયંતિ મહોત્સવ દિન-કાર્યસુચિ**

**સવારે ૪-૩૦ થી ૬-૦૦** : પ્રાત : પ્રભાતિયા
**સવારે ૬-૦૦ થી ૮-૦૦** : શ્રી ગુરૂગીતાનો પાઠ
**સવારે ૮-૦૦ થી ૯-૦૦** : ચા-નાસ્તો
**સવારે ૯-૦૦ થી ૧૦-૦૦** : શ્રી સદ્‌ગુરૂજીનું પૂજન
**સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦** : શ્રી સંતોનું સ્વાગત-સન્માન
**સવારે ૧૦.૩૦ થી ૧૨-૦૦** : મહા પુરૂષોનું પ્રવચન
વિષય - ગુરૂ ભક્તિ
**બપોરે ૧૨.૦૦ થી ૧.૩૦** : મહાપ્રસાદ

**આયોજક**

સ્વ. ઉજમશીભાઈ ગોવિંદભાઈ સંઘાડીયા
સ્વ. ખીમજીભાઈ ગોવિંદભાઈ સંઘાડીયા
તથા
સંઘાડીયા પરિવાર વિરમગામવાળા
તરફથી ઉજવાશે.

સંપર્ક : દિનેશભાઈ સંઘાડીયા - ૯૭૨૩૦૨૬૧૬૬, નારણભાઈ સંઘાડીયા - ૯૮૨૫૨૫૨૮૨૭

॥ ૐશ્રી અખંડાનંદાય નમઃ ॥ ॥ શ્રી ૐમાધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥ ॥ શ્રી શિવોહંસાગર સદ્ગુરૂભ્યો નમઃ ॥ ॥ ૐશ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥



સદ્ગુરુવર્યશ્રી





અધ્યક્ષશ્રી

## હાર્દિક નિમંત્રણ

### પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો

# ૪૧ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

સહર્ષ જણાવવાનું કે, પરમ પૂજ્ય આર્ય દિવાકર અનંત કોટી બ્રહ્માંડ નાયક અદ્વૈત વેદવેદાન્ત તત્ત્વસારજ્ઞ તપોમૂર્તિ, ત્યાગમૂર્તિ પ્રકાંડ વિદ્વાન ભક્ત ઉધ્ધારક સાક્ષાત પ્રગટ બ્રહ્મસ્વરૂપ **શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૧ મો નિર્વાણ જયંતિ મહોત્સવ** સંવત ૨૦૭૪ ફાગણ સુદી બીજને શનિવાર તા. ૧૭-૨-૨૦૧૮ ના રોજ શિવોહંપુરી, ઓઝરાળા મુકામે પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રી વેદાંતાચાર્યશ્રીના પાવન પરોપકારીના અધ્યક્ષ સ્થાને ઉજવાશે.

*તો આ પ્રસંગે સંત-મહાત્માઓ તથા મહાનુભાવો પધારશે. આ મંગલ પ્રસંગે ઉપસ્થિત રહી, પૂજન-અર્ચન-દર્શન તથા શ્રવણનો અમૂલ્ય લાભ લેવા સર્વે સેવક ભાઈ-બહેનોને આગ્રહભર્યું હાર્દિક આમંત્રણ છે.*

### :: કાર્યસૂચિ તા. ૧૭-૦૨-૨૦૧૮, શનિવાર ::

- ☞ પ્રભાતિયા : ૫ : ૦૦ થી ૬ : ૦૦ ☞ શ્રી ગુરૂગીતાનો પાઠ : ૬ : ૦૦ થી ૭ : ૩૦
- ☞ ચા, નાસ્તો : ૭ : ૩૦ થી ૮:૦૦ ☞ શ્રી સદ્ગુરૂપૂજન : ૮ : ૦૦ થી ૯ : ૦૦
- ☞ શ્રી સંતોનું સ્વાગત, સન્માન : ૯ : ૦૦ થી ૯ : ૩૦
- ☞ શ્રી સદ્ગુરૂ ભગવાનને શ્રધ્ધાસૂમન શ્રધ્ધાંજલી : ૯ : ૩૦ થી ૧૨ : ૦૦ કલાકે
- ☞ મહાપ્રસાદ : બપોરે ૧૨ : ૦૦ કલાકે


**નિમંત્રક**

શ્રી મફતભાઈ કુલાભાઈ પટેલ
શ્રીમતિ હસુમતિબેન મફતભાઈ પટેલ
શ્રી પાર્થિવ મફતભાઈ પટેલ
શ્રીમતિ પારૂલ પાર્થિવ પટેલ પરિવાર

**મહોત્સવ સ્થળ**

શ્રી માધવાનંદ આશ્રમ
શિવોહંપુરી, મુ. ઓઝરાળા,
તા. ઠાસરા, જી. ખેડા
મો. ૯૯૨૫૨ ૭૨૧૮૦

## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



**તા. ૨૦-૦૨-૨૦૧૮ થી ૦૩-૦૩-૨૦૧૮ સુધી**

**શ્રી યોગાનંદ આશ્રમ ન્યુ ઝુસી અલ્લાહાબાદ**

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (મહેસાણા)**

- **કથા પ્રારંભ :** ફાગણ વદ-૭, ગુરૂવાર તા. ૦૮-૦૩-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** ફાગણ વદ-૧૦ ને સોમવાર તા. ૧૨-૦૩-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ફાગણ વદ-૧૨ ને બુધવાર તા. ૧૪-૦૩-૨૦૧૮.
- **કથા સ્થળ :** સરદાર હોલ, મંગલાયતન સોસાયટી, અર્બન બેંકની પાસે, શિલ્પા ગેરેજ સામે, હાઈવે, મહેસાણા
- **આયોજક :** આર. કે. ગુપ્તા (દીલ્હીવાળા), શંકરભાઈ સોન, હરિઓમ એસ. સોની.

---



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યનો કાર્યક્રમ

- તા. ૧-૨-૨૦૧૮ થી તા. ૨૮-૦૨-૨૦૧૮ સુધી

  સ્વાધ્યાયાત્મક સત્સંગ (સમય : ૦૮ : ૪૫ થી ૦૯:૩૦)

  વિષય : પંચદશી (ધ્યાનદીપ પ્રકરણમ્)

  પ્રવચનાત્મક સત્સંગ (સાંજે ૦૫:૩૦ થી ૦૬:૩૦)

  વિષય : કર્મયોગ (શ્રી ભ. ગી. આ. ૩)

સ્થળ : સ્વામી પ્રેમપૂરી અધ્યાત્મ વિદ્યાભવન, બાબુલનાથ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

www.prempuri.org

**તા. ૧-૩-૨૦૧૮ થી અમદાવાદ. તા. ૧૫-૦૩-૨૦૧૮ થી હરિદ્વાર**


---

### • પ્રભાતિયું •

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે...
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારુ નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે...
દીન ક્રૂન ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે...
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચિંધવા ઉભો રહે,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત ધરુ....
ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરના ભાવ તજીને, મંગળ ગીતો ને ગાવે...

---

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ મહાવદ - ૮ ને ગુરૂવાર તા. ૦૮-૦૨-૨૦૧૮ ના શુભ દિવસે સુઘડ ગામે પ.પૂ. માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.

- તા.૦૮-૦૨-૨૦૧૮ સુઘડ થી બપોર પછી વામજ
- તા. ૧૦-૦૨-૨૦૧૮ વડાવી પધારશે.
- તા. ૧૨-૦૨-૨૦૧૮ કડી પધારશે.
- તા. ૧૩-૦૨-૨૦૧૮ બપોર પછી ઓઝરાળા પધારશે.
- તા. ૧૭-૦૨-૨૦૧૮ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહં સાગરજી મહારાજ શ્રીનો ૪૧ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ફાગણ સુદ બીજ ને શનિવાર તા. ૧૭-૦૨-૨૦૧૮ના શુભ દિવસે ઓઝરાળા ગામે પ.પૂ. માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- તા. ૧૭-૦૨-૨૦૧૮ બપોર પછી ચાણોદ
- તા. ૧૮-૦૨-૨૦૧૮ સવારે ૬:૦૦ કલાકે સુરત જવા નીકળશે. સાંજે ચાણોદ પરત પધારશે.
- તા. ૨૧-૦૨-૨૦૧૮ ચાણોદ થી નાપાડ.
- તા. ૨૩-૦૨-૨૦૧૮ ખડોળ (હળદરી)
- તા. ૨૫-૦૨-૨૦૧૮ હળદરી
- તા. ૨૬-૦૨-૨૦૧૮ સવારે પીપળીયા
- તા. ૨૭-૦૨-૨૦૧૮ બપોરે આસોદર
- તા. ૨૮-૦૨-૨૦૧૮ બપોર પછી કંથારીયા
- તા.૦૩-૦૩-૨૦૧૮ આંકલાવ
- તા.૦૪-૦૩-૨૦૧૮ ડાકોર
- તા.૦૫-૦૩-૨૦૧૮ આંકલાવ
- તા.૦૬-૦૩-૨૦૧૮ ધર્મજ
- તા.૦૮-૦૩-૨૦૧૮ વડદલા
- તા. ૧૦-૦૩-૨૦૧૮ થી તા. ૧૧-૦૩-૨૦૧૮ સુધી નાર



**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**












તા. ૨૩-૧-૨૦૧૮, મંગળવારના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રી સુરત શહેરના આંગણે પધારી વેદાંત સત્સંગ કથાનું રસપાન કરાવ્યુ હતું તે પ્રસંગે રક્તદાન શિબિર તેમજ શાક ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book



લીંબાસી ગામે તા. ૧૨-૧-૨૦૧૮ થી તા. ૧૮-૧-૨૦૧૮ સુધી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું સુંદર આયોજન થયું હતું. પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય વ્યાસપીઠ પર બિરાજી કથાનું રસપાન કરાવ્યું હતું.

BOOK POST

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

If Not Delivered Please Return To :-
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.
Price per Copy Rs. 50/-